# શિશુ સત્સંગ વિહાર



૧

૮ થી ૧૦ વર્ષનાં
બાળકો માટે

BAPS

# કરું વંદના




શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી ભગતજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી યોગીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
શ્રી મહંતસ્વામી મહારાજ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# શિશુ સત્સંગ વિહાર

## ૧



શિશુનું નામ : ..............................

મંડળનું નામ : ..............................



: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૪.

# શિશુ સત્સંગ વિહાર - ૧ (ગુજરાતી)

(બાળપણથી આજ્ઞા અને ઉપાસના દૃઢ કરાવતી પુસ્તિકા)

**રજૂકર્તા** : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ - ૪.

**આશીર્વાદ** : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

**પ્રેરક** : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ

**કોપીરાઈટ** : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકનો કોઈ પણ અંશ કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**પ્રથમ આવૃત્તિ** : ઓગસ્ટ ૨૦૨૧

**Blessings** : His Holiness Pramukh Swami Maharaj

**Inspirer** : His Holiness Mahant Swami Maharaj

**Presented by** : Children's Activities Central Office,
BAPS Swaminarayan Sanstha
Shahibaug, Ahmedabad - 380 004, Gujarat, India

**1st Edition** : August, 2021

**Copyright** : © Swaminarayan Aksharpith

All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

**મુદ્રક અને પ્રકાશક :**

સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
ગુજરાત, ભારત.
Websites: www.baps.org | http://kids.baps.org

# વાલી માટે...

કાલુંઘેલું બોલતા અને ઋજુ હૃદયના નાનકડા શિશુઓ ભગવાનનું અણમોલ વરદાન છે. ૯-૧૦ વર્ષ સુધીની ઉંમરના આ શિશુઓના પગનો ડગમગાટ માંડ સ્થિર થયો હોય, ત્યાં તો તેમનું મન ઊંચે આકાશમાં વિહરવા લાગે છે. જનજીવનના સામાન્ય લાગતા દૃશ્યો કે ઘટનાઓ શિશુ માનસ માટે અનેક પ્રકારનું આશ્ચર્ય ઉપજાવનારા હોય છે...

‘‘પપ્પા! આટલા મોટા મોટા ડુંગર કોણ બનાવતું હશે ?’’

‘‘હું તો મોટો થઈને ડોક્ટર બનીશ! પણ... એ કેવી રીતે બનાય ?’’

‘‘મમ્મી! તમે રોજ ભગવાન પાસે દીવો કરીને તેને ગોળ ગોળ કેમ ફેરવો છો ?’’

શિશુમાનસના અંતરમાં ઉઠતી આ તમામ કુતૂહલતા, કલ્પનાઓ અને પ્રશ્નોનું સમાધાન છે, ‘શિશુ સત્સંગ વિહાર.’ નાનકડા આ શિશુઓના અંતરમાં સત્સંગના પાયાનાં મૂલ્યોનું સિંચન કરનાર; સાંપ્રદાયિક રીતિ-રિવાજ, આહ્નિક વગેરેની દૃઢતા નાનપણથી જ કરાવનાર; દરેક શિશુને ‘આદર્શ શિશુ’ બનવાની પ્રેરણા આપનાર અને ગુરુહરિના રાજીપાનો વિચાર તેમના અંતરમાં સુદૃઢ કરાવનાર પુસ્તક શ્રેણી છે, ‘શિશુ સત્સંગ વિહાર’.

ધોરણ ૨ થી ૪ સુધીના તમામ શિશુઓને સત્સંગના મઘમઘતા બાગમાં મુક્ત વિહાર કરાવી સત્સંગના પાયાના મૂલ્યો દૃઢાવનારી પુસ્તકશ્રેણી એટલે ‘શિશુ સત્સંગ વિહાર’.

બી.એ.પી.એસ. સંસ્થાના તમામ બાળકો અને બાલિકાઓના સર્વાંગી ઘડતર માટે બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા ‘સત્સંગ વિહાર’ પુસ્તક શ્રેણી અગાઉ પ્રકાશિત થઈ ચૂકી છે.

આ જ શ્રૃંખલામાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના આશીર્વાદ અને પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી હવે ધોરણ ૨ થી ૪ સુધીના શિશુઓ માટે ‘શિશુ સત્સંગ વિહાર’ પુસ્તક શ્રેણીનો પ્રથમ ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. વિવિધ એક્ટિવિટી, રસપ્રદ વાર્તાઓ, શિશુઓ ગાઈ શકે તેવા ‘શિશુ ગુંજન’ વગેરે દ્વારા ‘ગમ્મત સાથે જ્ઞાન’ આપનાર પ્રસ્તુત પુસ્તક શ્રેણીનો આ પ્રથમ ભાગ આપના હાથમાં મૂકતા બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય આનંદની લાગણી અનુભવે છે. **વાલીઓ પોતાના શિશુ સાથે બેસીને આ પુસ્તિકાનું વાંચન કરાવશે તો બાળકને વધુ સારી રીતે સત્સંગના મૂલ્યો દૃઢ થશે.**

‘શિશુ સત્સંગ વિહાર’ના માધ્યમથી સૌ શિશુઓ સંસ્કાર અને સત્સંગના ઉચ્ચ મૂલ્યો આત્મસાત્ કરી સમગ્ર સમાજ અને દેશની આવતીકાલને ઉજ્જ્વળ અને મૂલ્યસભર બનાવે એ જ ગુરુહરિ મહંતસ્વામી મહારાજના ચરણોમાં અભ્યર્થના.

**નોંધ : આ પુસ્તિકામાં જ્યાં ‘ભગવાન’, ‘મહારાજ’, ‘શ્રીજીમહારાજ’, ‘શ્રીહરિ’ શબ્દો વપરાયા છે, ત્યાં ભગવાન સ્વામિનારાયણ સમજવું. જ્યાં ‘સ્વામીબાપા’ શબ્દ છે ત્યાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજ સમજવું.**

**આ પુસ્તિકાના દરેક પાનાં પર અઘરા લાગતા શબ્દો નીચે લાઈન કરી તેનો સરળ અર્થ તે પાનાંના અંતે આપેલ છે. પાઠના અંતે શિશુઓ આનંદથી ગાઈ શકે તેવા ‘શિશુ ગુંજન’ આપ્યા છે, તે શિશુઓ પાસે ગવડાવવા.**



# અનુક્રમણિકા


૦૧. પ્રાર્થના ........ ૦૫

૦૨. આદર્શ દિનચર્યા ........ ૦૯

૦૩. કંઠી ........ ૧૩

૦૪. માળા ........ ૧૭

૦૫. તિલક-ચાંદલો ........ ૨૧

૦૬. નિત્યપૂજા ........ ૨૬

૦૭. ઘરમંદિર ........ ૩૦

૦૮. અભ્યાસ ........ ૩૪

૦૯. આરતી ........ ૩૮

૧૦. થાળ ........ ૪૨

૧૧. ચોરી ........ ૪૬

૧૨. ઘનશ્યામ મહારાજ ........ ૫૦

૧૩. સત્સંગદીક્ષા ........ ૫૪

૧૪. રાજીપો ........ ૫૮

૧૫. મહંતસ્વામી મહારાજ ........ ૬૨

૧૬. મુખપાઠ ........ ૬૬

૧૭. સેવા ........ ૭૦

૧૮. માતા-પિતા ........ ૭૪

૧૯. મંદિર ........ ૭૮

૨૦. શિશુસભા ........ ૮૨




# ૧. પ્રાર્થના

શિશુમિત્રો, તમને જ્યારે મદદની જરૂર હોય, ત્યારે તમે કયો ફોન નંબર લગાડશો, તે નીચે લખો.



ફાયરબ્રિગેડ બોલાવવા માટે




પોલીસ બોલાવવા માટે




એમ્બ્યુલન્સ બોલાવવા માટે



ભગવાનને બોલાવવા માટે

અરે વાહ! તમને તો ફાયરબ્રિગેડ, પોલીસ, હોસ્પિટલ બધાના ફોન નંબર ખબર છે!

જો ક્યાંક આગ લાગે તો તમે ૧૦૧ નંબર લગાડી ફાયરબ્રિગેડ બોલાવી શકો.

જો ક્યાંક ચોરી થાય તો તમે ૧૦૦ નંબર લગાડી પોલીસ બોલાવી શકો.

જો અચાનક કોઈની તબિયત ખૂબ જ બગડી જાય તો તમે ૧૦૮ નંબર લગાડી એમ્બ્યુલન્સ બોલાવી શકો... આ નંબર જુદા જુદા દેશમાં જુદા જુદા હોય છે.

પણ, ક્યારેક આપણને દુઃખ આવે... એકલું એકલું લાગે... ગુસ્સો આવે... એવા સમયે આપણું દુઃખ કોણ દૂર કરે ? **ભગવાન** !

પણ, ભગવાનને બોલાવવાનો ફોન નંબર કયો છે તે તમે જાણો છો ?

**ફાયર બ્રિગેડ :** આગ ઓલવવા માટે આવતા માણસો



ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ કહેતાં કે, **'પ્રાર્થના એ ભગવાનનો ટેલિફોન છે.'**

હા, શિશુમિત્રો, પ્રાર્થના કરી ભગવાનને બોલાવીએ તો આપણાં બધાં જ દુઃખ દૂર થઈ જાય.

કારણ કે, ભગવાન હંમેશાં આપણી સાથે જ રહે છે. તેઓ હંમેશાં આપણું સારું જ કરે છે. જો સાચા હૃદયથી આપણે પ્રાર્થના કરીએ તો ભગવાન આપણી મદદ ચોક્કસ કરે જ છે.



એક હતો હાથી.
જાડોપાડો... તાજોમાજો...
વિશાળકાય હાથી...
નામ તેનું ગજેન્દ્ર.

એક વખત તે તળાવમાં નાહવા ગયો. નાહતો જાય અને સૂંઢમાં પાણી ભરી ફૂવારો કરતો જાય... પણ ત્યાં તો ઓચિંતાં તેણે મોટેથી ચીસ પાડી... 'ઓ બાપ રે! બચાવો...'



**ઓચિંતાં :** અચાનક | **ચીસ :** બૂમ



અરે... આ શું ?!  તળાવમાં રહેતા મગરે હાથીનો પગ એના મોઢેથી પકડી લીધો. ગજેન્દ્ર હાથીએ તો પૂરી તાકાતથી પગ ખેંચવા માંડ્યો. પણ મગર પાસે હાથીનું કાંઈ ન ચાલ્યું.



પણ હા... ગજેન્દ્રને ખબર હતી કે **'ગમે તેવા દુઃખમાં ભગવાન આપણી સાથે જ હોય છે.** જો આપણે સાચા હૃદયથી પ્રાર્થના કરીએ તો ભગવાન આપણને જરૂર મદદ કરે જ છે.' તે તો તરત જ ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો.



ગજેન્દ્ર હાથીએ સાચા હૃદયથી પ્રાર્થના કરી હતી, તેથી ભગવાને તેની પ્રાર્થના સાંભળી અને તરત જ ત્યાં પ્રગટ થયા. ગજેન્દ્ર હાથીને મગરના મુખમાંથી છોડાવી ભગવાને તેનું દુઃખ દૂર કર્યું.

હા શિશુમિત્રો, ગજેન્દ્ર તો હાથી હતો. પણ તેણે સાચા હૃદયથી પ્રાર્થના કરી તો ભગવાને તેની પ્રાર્થના તરત સાંભળી. તો આપણી પ્રાર્થના ભગવાન કેમ ન સાંભળે ? સાંભળે જ!

૬ જુલાઈ ૨૦૧૮ના દિવસે સારંગપુરમાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજે કહ્યું હતું કે, 'જુઓ, મહારાજ-સ્વામી આપણા મા-બાપ છે.
**તમે જે સાચા ભાવથી પ્રાર્થના કરો તે પ્રાર્થના તેમને પહોંચે જ છે.'**



**તાકાત** : શક્તિ | **મુખમાંથી** : મોંઢામાંથી | **મા-બાપ** : માતા-પિતા

શિશુમિત્રો, ભગવાન આપણા મા-બાપ છે. માટે આપણે માત્ર દુઃખમાં જ નહીં પરંતુ હંમેશાં પ્રાર્થના કરવી જોઈએ. પણ ભગવાનને પ્રાર્થના કરવાની ક્યારે ? તો ચાલો, નીચેની ખાલી જગ્યાઓ પૂરી આપણે નક્કી કરીએ. તમે નીચેના કૌંસની મદદ લઈ શકો છો.

(સવારે ઊઠીને / જમતા પહેલાં / અભ્યાસ કરતા પહેલાં / રાત્રે સૂતા પહેલાં)



હું ........................ તરત પ્રાર્થના કરીશ.



હું .................. ભગવાનને પ્રાર્થના કરીશ.



હું ............................ જરૂર પ્રાર્થના કરીશ.



હું રોજ ................ ભગવાનને પ્રાર્થના કરીશ.

શિશુમિત્રો, જો આ રીતે આપણે હંમેશાં પ્રાર્થના કરીશું તો ભગવાન આપણી સાથે ને સાથે જ રહેશે.

## શિશુ ગુંજન

**નિત્ય કરું હું પ્રાર્થના, કરું પ્રભુને પ્રાર્થના.**
**સવાર-સાંજ-રાતના, હૃદયથી કરું પ્રાર્થના.**
**ભણતા-રમતા-જમતા, ક્યારે ન ભૂલું પ્રાર્થના.**
**સ્વામી-શ્રીજી રહે સાથમાં, નિત્ય કરું હું પ્રાર્થના.**

**સાથમાં :** સાથે

# ૨. આદર્શ દિનચર્યા

શિશુમિત્રો, અહીં તમને એક સરસ ઘડિયાળ આપેલી છે. પણ તેમાં નંબર મૂકવાના બાકી છે.

તમારે બાજુમાં રહેલા નંબર જોઈને તેને ઘડિયાળમાં યોગ્ય જગ્યાએ લખવાના છે. તો થઈ જાઓ તૈયાર...




વાહ! તમે તો સરસ ઘડિયાળ બનાવી દીધી!

તો ચાલો, હવે આપણે આ ઘડિયાળને કેવી રીતે વાપરવાની છે, તે સહજ અને ખુશી પાસેથી શીખીશું.

કારણ કે, સહજ અને ખુશી આદર્શ શિશુઓ છે. તેઓ હંમેશાં ઘડિયાળના સમય મુજબ જ પોતાનું દરેક કાર્ય કરે છે.

**દિનચર્યા :** આખા દિવસમાં થતી ક્રિયાઓ | **આદર્શ :** જેનામાં સારા ગુણો છે (જેમાંથી બીજા શીખે)



સહજ અને ખુશી સવારે વહેલા ઊઠી પ્રાર્થના કરે.



નાહીધોઈને નિત્યપૂજા કરવા બેસે.



માતાપિતાને પંચાંગ પ્રણામ કરી નાસ્તો કરે.



તેઓ શાળામાં સમયસર પહોંચી જાય.



ઘરે આવીને પહેલાં હાથપગ ધુએ.



શ્લોક બોલી જમવા બેસે. જમીને થોડીવાર આરામ પણ કરે.



સાંજે શાળાનું લેશન કરીને ગાર્ડનમાં રમવા જાય.



બંને ભાઈબહેન તેમનાં મમ્મીને ઘરકામમાં મદદ કરે.

**સમયસર :** ચોક્કસ સમય મુજબ



સાંજે ઘરમંદિરમાં આરતી કરે. ભગવાનને પ્રેમથી થાળ ધરે.



તેઓ શ્લોક બોલી ભગવાનને ધરાવેલું ભોજન જમે.



જમીને ફરી અભ્યાસ કરવા બેસે.



દાદા-દાદી કે મમ્મી-પપ્પા પાસે વાર્તા સાંભળે.



સત્સંગના ગ્રંથોનું વાંચન કરે.



રાત્રે ઘરસભા કરે.



ભગવાનને પ્રાર્થના કરી બંને સૂઈ જાય.

શિશુમિત્રો, સહજ અને ખુશી જે રીતે આખો દિવસ ક્રિયાઓ કરે છે તે આદર્શ શિશુની રીત છે.

જે શિશુઓ સમયસર બધી ક્રિયાઓ કરે છે, તે શિશુઓ ગુરુહરિ મહંતસ્વામી મહારાજને ખૂબ જ ગમે છે.

તો તમારે પણ મહંતસ્વામી મહારાજને ગમતા બનવું છે ને ?

**ગ્રંથોનું વાંચન :** ભગવાનના પુસ્તકો વાંચવા

તો ચાલો, નીચે આપેલી ક્રિયાઓ તમે કયા સમયે કરશો તે નક્કી કરો અને તેની નીચે આપેલી ઘડિયાળમાં તે સમય દર્શાવતા કાંટાઓ દોરી લો. આ માટે તમે માતાપિતાની મદદ પણ લઈ શકો છો.

**સવારે ઊઠવું.**



**નિત્યપૂજા કરવી.**



**સ્કૂલે જવું.**



**બપોરે જમવું.**



**અભ્યાસ કરવો.**



**મમ્મીને મદદ કરવી.**



**રમવા જવું.**



**આરતી કરવી.**



**રાત્રે જમવું.**



**ઘરસભા કરવી.**



**સત્સંગ વાંચન કરવું.**



**રાત્રે સૂઈ જવું.**



શિશુમિત્રો, તમે તો તમારું ટાઈમટેબલ તૈયાર કરી દીધું.
હવે આ જ પ્રમાણે દરેક ક્રિયાઓ કરશો તો તમારી દિનચર્યા આદર્શ બની જશે!

તો બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

**|| નિયમિત રહું જીવનમાં, સ્નાન ધ્યાન ને પૂજામાં**
**ભણવું રમવું ને બાળસભા, સમય પ્રમાણે કરું સદા. ||**

**ટાઈમટેબલ :** કયા સમયે શું કરવું તે બતાવતું લિસ્ટ | **નિયમિત :** સમયસર

# ૩. ઠંડી

સાવધાન! ફોરમ, મહેક અને સૌરભ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. તેમને જો યોગ્ય વસ્તુ મળી જાય તો તેઓ બચી જશે. નીચે ત્રણેય મિત્રોનાં ચિત્રો અને વસ્તુઓ મૂકેલી છે.
તમે તેમને જોડી દો અને બચાવી લો...


ફોરમ




મહેક




સૌરભ



વાહ! શિશુમિત્રો, ફોરમને ભારે ઠંડીથી સ્વેટરે બચાવી લીધી... મહેકને પંખાએ ગરમીથી બચાવી લીધી... સૌરભે છત્રી માથે રાખી દીધી અને વરસાદથી બચી ગયો...

પણ શિશુમિત્રો, શું તમને ખબર છે કે આપણને ક્યારેક રડવું આવે, ક્યારેક બીક લાગે, ક્યારેક એકલું એકલું લાગે, ત્યારે આપણને કોણ બચાવે? આપણી રક્ષા કોણ કરે ?



ચાલો, સહજ અને ખુશી પાસેથી તેનો જવાબ જાણીએ.

**ભારે ઠંડી :** ખૂબ ઠંડી | **રક્ષા :** બચાવવું




**અને ત્યાં તો... ખુશી સફાળી જાગી ગઈ...**










**ખુશી તો આ સાંભળી સહજ પર હસવા માંડી.**







**સફાળી :** અચાનક | **સેર :** જે દોરામાં મણકાં પરોવ્યાં હોય તે







હા શિશુમિત્રો,
જો આપણે પગમાં સરસ બૂટ પહેરેલા હોય...
તો રેતી-કાંકરા વાગવાની ચિંતા રહે ?





જો આપણી પાસે રેઈનકોટ હોય... તો વરસાદમાં
ભીંજાઈ જવાની બીક લાગે ?’

તેમ, આપણા ગળામાં સ્વામિનારાયણ ભગવાનની કંઠી હોય તો કોઈ દુ:ખ, મુશ્કેલી કે કુસંગની બીક રહે જ નહીં. આપણે નિર્ભય થઈ જઈએ. કારણ કે આપણા ગળામાં પહેરેલી **કંઠી હંમેશાં આપણી રક્ષા કરે.**



**હિંમત :** તાકાત, શક્તિ | **ભીંજાઈ જવાની :** પલળી જવાની
**નિર્ભય :** ડર ન હોય તેવું

આથી જ આપણા ગુરુહરિ
મહંતસ્વામી મહારાજે આપણને આજ્ઞા કરી છે...




**'સત્સંગનો આશરો કરી સદાય કંઠને વિશે કાષ્ઠની બેવડી માળા ધારણ કરવી.'**
(સત્સંગદીક્ષા શ્લોક : ૨૧)

શિશુમિત્રો, તમારે ગુરુહરિ મહંતસ્વામી મહારાજને રાજી કરવા છે ને ?
તો બસ, કંઠી હંમેશાં પહેરજો અને યાદ પણ રાખજો કે...



## શિશુ ગુંજન

કંઠી છે ભાઈ કંઠી છે... મારા ગળામાં કંઠી છે...
દુઃખ-ડર તો દૂર જ રહે... મારા ગળામાં કંઠી છે...
સુખ, સુખ ને સુખ જ રહે... મારા ગળામાં કંઠી છે...
એકલો હું ક્યારેય નથી... મારા ગળામાં કંઠી છે...
ભગવાન મારી સાથે છે... મારા ગળામાં કંઠી છે...
સ્વામી મારી સાથે છે... મારા ગળામાં કંઠી છે...



**આશરો :** સહારો, આધાર | **કાષ્ઠ :** લાકડું | **બેવડી :** બે સેર વાળી

# ૪. માળા

શિશુમિત્રો, આજે તો તમારે ગણતરી કરવાની છે. તો તૈયાર છો ?
(જમણી બાજુના ખાનામાં તે વસ્તુનું નામ લખો.)



બાજુના ફોટોગ્રાફમાં એકસરખી
૨ વસ્તુઓ કઈ દેખાય છે ?



બાજુના થાળમાં એકસરખી ૪
વસ્તુઓ કઈ દેખાય છે ?



બાજુના ફોટોગ્રાફમાં એકસરખી
૫ વસ્તુઓ કઈ દેખાય છે ?



બાજુના ફોટોગ્રાફમાં એકસરખી
૮ વસ્તુઓ કઈ દેખાય છે ?

**ગણતરી :** ગણવું

વાહ! તમે તો ૨ ફૂલ, ૪ પેંડા, ૫ દિવેટ બધું જ બરાબર શોધી લીધું!

પણ શું? છેલ્લા ફોટોગ્રાફમાં ૮ વસ્તુ તમને ન મળી?! જરા ધ્યાનથી જુઓ... પ્રમુખસ્વામી મહારાજના હાથમાં ૧ માળા, ગળામાં ૧ માળા અને પાછળ બીજી ૬ માળા દેખાઈ રહી છે! હવે મળી ગઈ તમને છુપાયેલી માળા ?

હા શિશુમિત્રો, જેમ આ ફોટોગ્રાફમાં માળા છુપાયેલી હતી, તેમ આ માળાની શક્તિ પણ છુપી છે! જાણવી છે તમારે આ માળાની શક્તિ ?



ભોંયરા ગામમાં ભગવાન સ્વામિનારાયણના ભક્ત નાજા જોગિયા રહે. આખો દિવસ ભગવાનનું ભજન-કીર્તન કરે રાખે.
આ જ ગામનો દરબાર હતો વાસુર ખાચર. દયાનો છાંટો તેનામાં નહીં.



એકવાર વાસુર ખાચરે તેના દરબારમાં નાજા જોગીયાને બોલાવ્યા અને પૂછ્યું. 'નાજા, શું સ્વામિનારાયણ એ ભગવાન છે ?'

નાજા ભગતે કહ્યું, 'હા, બાપુ.'

આ સાંભળી વાસુર ખાચર બરાડ્યો, 'જો એ સાચે જ ભગવાન હોય તો કાલે સવારે અહીં દર્શન આપવા આવે. અને જો ન આવે તો તારા ઢીંચણ ભાંગી નાખીશ.'





તે જમાનામાં મોબાઈલ ફોન ન હતા કે શ્રીજીમહારાજને સમાચાર પહોંચાડી શકાય.

પણ હા, નાજા ભગતને માળાની છૂપી શક્તિની ખબર હતી.

**જો સાચા મનથી માળા ફેરવીએ તો ભગવાન આપણાં દુ:ખ દૂર કરવા પહોંચી જ જાય.** આથી નાજા ભગત માળા ફેરવવા લાગ્યા.

**દિવેટ :** દીવાની વાટ | **દયાનો છાંટો :** થોડી પણ દયા | **બરાડ્યો :** ગુસ્સેથી બૂમ પાડવી | **ઢીંચણ :** ગોઠણ

અને માળાની છૂપી શક્તિ કામ કરી ગઈ!

બીજા દિવસે સવારમાં નાજા ભગતે ઘરનો દરવાજો ખોલ્યો ત્યાં તો સામે ભગવાન સ્વામિનારાયણ!!

૨૫૦ કિલોમીટર દૂરથી ભગવાન નાજા ભગત પાસે આવી પહોંચ્યા અને તેમને વાસુર ખાચરથી બચાવી લીધા. આવી છે માળાની શક્તિ!



જો સાચા ભાવથી આપણે માળા કરીએ તો ભગવાન આપણી સાથે જ રહે. તમારે પણ ભગવાન સ્વામિનારાયણને તમારી પાસે બોલાવવા છે ?



અહીં માળા આપેલી છે. એક છેડે ભગવાન સ્વામિનારાયણ છે અને બીજા છેડે તમારે તમારો ફોટો ચોંટાડવાનો છે. ભગવાન સ્વામિનારાયણને તમારી પાસે બોલાવવા માટે વચ્ચેના દરેક મણકામાં ''સ્વામિનારાયણ'' મંત્ર લખવાનો છે...
તો ચાલો, ભગવાન સ્વામિનારાયણને આપણી પાસે બોલાવીએ.

તમારો
ફોટો

**છૂપી :** છુપાયેલી, ખબર ન પડે તેવી શક્તિ

શિશુમિત્રો, ગુરુહરિ મહંતસ્વામી મહારાજને તા. 3/૨/૨૦૨૦ના રોજ પૂછવામાં આવેલું કે, **‘સ્વામીબાપા! આપની સાથે જ હંમેશાં જોડાયેલા રહેવા શું કરવું ?’** ત્યારે મહંતસ્વામી મહારાજે કહેલું કે, **‘પાંચ માળા ફેરવવી. તેનાથી હેત પણ થાય.’**

તો શિશુમિત્રો, તમારે ગુરુહરિ મહંતસ્વામી મહારાજમાં હેત કરવું છે ? ચાલો, આજે નક્કી કરીએ...



## શિશુ ગુંજન

માળા કરું હું માળા કરું, ‘સ્વામિનારાયણ’ જાપ કરું...
જમણા હાથે માળા કરું, ‘સ્વામિનારાયણ’ જાપ કરું...
મહિમા સાથે માળા કરું, ‘સ્વામિનારાયણ’ જાપ કરું...
પહેલી આંગળીથી ના કરું, ‘સ્વામિનારાયણ’ જાપ કરું...
બીજી આંગળીથી માળા કરું, ‘સ્વામિનારાયણ’ જાપ કરું...
ગૌમુખીમાં માળા કરું, ‘સ્વામિનારાયણ’ જાપ કરું...
ગુરુહરિમાં હેત કરું, ‘સ્વામિનારાયણ’ જાપ કરું...

**હેત** : પ્રેમ | **મહિમા** : મહત્ત્વ | **ગૌમુખી** : જે વસ્ત્રમાં રાખી માળા ફેરવીએ તે વસ્ત્ર

# ૫. તિલક-ચાંદલો

બાળમિત્રો, નીચે વિશાલ અને વિજય એમ બે મિત્રોના ચિત્રો આપ્યા છે. પણ તે બંને એકસરખાં લાગતાં નથી. ચાલો, તમે તે બંનેમાં શું ફર્ક છે તે શોધી કાઢો જોઈએ!







ઉપરના ચિત્રમાં વિશાલે સરસ મજાનો તિલક-ચાંદલો કર્યો છે. પણ વિજયે કર્યો નથી!
શું તમને તિલક-ચાંદલો કરતા આવડે છે ?
તિલક-ચાંદલાનો રંગ કેવો હોય તે તમે જાણો છો ?
હા બાળકો, તિલક કેસરી રંગનું અને ચાંદલો લાલ રંગનો હોય છે! તો ચાલો, બાજુના તિલક-ચાંદલામાં જલ્દી જલ્દી રંગ પૂરી દો!

શિશુમિત્રો, આ તિલક-ચાંદલો આપણને કોણે આપ્યો તમે જાણો છો ? આપણા ભગવાન સ્વામિનારાયણે. ચાલો, તે પ્રસંગ જાણીએ.



એક વખત ભગવાન સ્વામિનારાયણ
પંચાળામાં બિરાજતા હતા.

ભગવાન સ્વામિનારાયણે બધા
સંતોને બોલાવી કહ્યું,

*‘સંતો! અમારી પાસેથી સૌ ચંદન લઈ
જાઓ. આવતીકાલે સૌ આ ચંદનથી
તિલક કરીને આવજો.’*





પરંતુ બીજા દિવસે બધા જુદા-જુદા તિલક
કરીને આવ્યા. કોઈને તિલક-ચાંદલો કરતા
આવડ્યું જ નહીં.

*‘અરે આ શું ?
આ તો તમે કેવાં તિલક કર્યાં!’*

પછી ભગવાન સ્વામિનારાયણે ગુણાતીતાનંદ
સ્વામીની સામે જોયું અને બોલ્યા,

*‘ગુણાતીતાનંદ સ્વામી! તમે પાસે આવો.’*





ભગવાન સ્વામિનારાયણે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં જાતે તિલક કર્યું. તિલકની વચ્ચે ચાંદલો કર્યો.

ભગવાન સ્વામિનારાયણે ગુણાતીતાનંદ સ્વામીને બતાવીને કહ્યું,



*'જુઓ ! આ અમારા તિલક !'*

**શિશુમિત્રો, ભગવાન સ્વામિનારાયણે શિશુ બાળકોને કપાળ પર તિલક-ચાંદલો અને છાતી પર અને બંને ભુજા પર ચંદનનો તિલક-ચાંદલો કરવાની આજ્ઞા કરી છે. શિશુ બાલિકાઓને કપાળમાં માત્ર ચાંદલો કરવાની આજ્ઞા કરી છે.**

તો શિશુમિત્રો, તમે ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પાળશો ને ?





તો ચાલો, ઉપર એક બાળક અને એક બાલિકાનું ચિત્ર છે. તમે તેમાં ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે બાળકને મસ્તક, છાતી અને ભુજા પર તિલક-ચાંદલો અને બાલિકાને મસ્તક પર ચાંદલો કરી દેશો ?

**તિલક** : અહીં તિલક એટલે આધ્યાત્મિક વારસદાર સમજવું | **ભુજા** : બાવડા | **મસ્તક** : માથું

વાહ, તમે તો ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે સરસ તિલક-ચાંદલો કરી દીધો.

શિશુમિત્રો, શું તમે જાણો છો ? **જે ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પાળે છે તેમના પર આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય છે.** તો બોલો તમારે મહંતસ્વામી મહારાજને રાજી કરવા છે ?

હા, તો ચાલો બધા જ શિશુ બાળકો તિલક-ચાંદલાનો સામાન લેતા આવો!

આપણે સૌ શિશુ બાળકો અત્યારે જ તિલક-ચાંદલો કરીશું. અને હા, ન ફાવે તો તમારા સંચાલક કે માતા-પિતાની મદદ લઈ શકો છો, હોં ને!

૧ સૌપ્રથમ પાણીની બોટલમાંથી થોડા પાણીનાં ટીપાં ઓરસિયામાં નાખો.





૨ હવે તે પાણીમાં ચંદનની ગોટી થોડીવાર ઘસો. તિલક માટે ચંદન તૈયાર થઈ ગયું.

૩ હવે તે ચંદન જમણા હાથની ત્રીજી આંગળી વડે લઈ તિલકિયા પર ઘસો.



૪ હવે, અરીસાની મદદથી તમારા કપાળ પર એ તિલકિયું અડાડી દો. અરે વાહ! તમને તિલક કરતા આવડી ગયું!





૫ હવે ચાંદલાની ડબ્બી વડે અરીસાની મદદથી કપાળમાં કરેલ તિલકની બરાબર વચ્ચે ચાંદલો કરી દો.

**ઓરસિયું :** જેમાં ચંદન ઘસીએ તે | **તિલકિયું :** જેના પર ચંદન લગાડી તિલક કરીએ તે

અરે વાહ, શિશુ બાળકોએ તો સરસ તિલક-ચાંદલો કરી લીધો. તો હવે શિશુ બાલિકાઓ પણ ચાંદલો કરશે ને ? તમામ શિશુ બાલિકાઓ જલ્દીથી ચાંદલાની ડબ્બી લઈ આવો.

૧

ચાંદલાની ડબ્બી લઈશું.





૨

હવે ચાંદલાની ડબ્બી વડે અરીસાની મદદથી કપાળમાં ચાંદલો કરો.

અભિનંદન! જે શિશુ બાળકોએ તિલક-ચાંદલો કર્યો છે અને જે શિશુ બાલિકાઓએ ચાંદલો કર્યો છે, તે સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થશે! અને હા, જેમણે નથી કર્યો એ શેની રાહ જુઓ છો ? તમે પણ દરરોજ આ રીતે તિલક-ચાંદલો કરશો ને ?

## શિશુ ગુંજન



**તો ચાલો, મારી સાથે સૌ ગાઓ...**

ચલો ચલો એક વાત કહું,
બાળસખાઓ વાત કહું,
તિલક અને ચાંદલાની,
સરસ મજાની વાત કહું...
તિલક કેસરી રંગનું,
ચાંદલો છે લાલ,
શ્રીહરિની છે આજ્ઞા,
તિલક કરો સૌ બાળ...

**માટે, આપણે સૌ પણ આજે નક્કી કરીએ કે,**

તિલક-ચાંદલો રોજ કરીશ,
મસ્તક ઊંચું રાખી રહીશ,
માર્ગે મળતાં સૌ મિત્રોને,
જય સ્વામિનારાયણ કહીશ.



**તો ચાલો, મારી સાથે સૌ ગાઓ...**

ચલો ચલો એક વાત કહું,
બાળસખીઓ વાત કહું,
ગોળમટોળ ચાંદલાની,
સરસ મજાની વાત કહું...
લાલ લાલ ચાંદલાથી,
રાજી થાય મહારાજ.
દરરોજ કરીશું ચાંદલો,
એ નક્કી કરીએ આજ.

**માટે, આપણે સૌ પણ આજે નક્કી કરીએ કે,**

લાલ ચાંદલો રોજ કરીશ,
મસ્તક ઊંચું રાખી રહીશ,
માર્ગે મળતી સૌ સખીઓને,
જય સ્વામિનારાયણ કહીશ.

# ૬. નિત્યપૂજા

શિશુમિત્રો, અહીં આપને કેટલીક વસ્તુઓના સરસ મજાના ચિત્રો આપ્યા છે. તેમાંથી ભગવાને જે વસ્તુ આપી હોય તે વસ્તુની નીચે '✓' કરવાનું છે... તો ચાલો, થઈ જાવ તૈયાર...













અરે! આ શું ? બધી જ વસ્તુમાં તમે તો '✓' કરી દીધું ? શું બધી જ વસ્તુ ભગવાને આપી છે ? હા... એકદમ બરાબર. તમે તો તરત જ સમજી ગયા! **આપણી આજુબાજુ જે કંઈ પણ છે તે બધું જ આપણને ભગવાને આપ્યું છે!**

શિશુમિત્રો, તો બાજુના બોક્સમાં તમે પણ કોઈ એક એવી વસ્તુનું ચિત્ર દોરો જે ભગવાને આપી હોય.

પણ... જો કોઈ વ્યક્તિ આપણને કોઈક વસ્તુ આપે તો આપણે તેમને શું કહીએ ? થેંક્યુ! બરાબર ને ?!

તો ભગવાને આપણને આટલી મોટી પૃથ્વી... પ્રકાશ... પશુ... પક્ષી... ફળ... ફૂલ... હવા... પાણી... માનવ શરીર... આ બધું જ આપ્યું! એ પણ બધું જ સાવ મફત! તો આપણે ભગવાનને થેંક્યુ કેવી રીતે કહેવાનું ?

ભગવાનને થેંક્યુ કહેવાનો એટલે કે આભાર માનવાનો સરસ મજાનો ઉપાય છે... **'નિત્યપૂજા'**

**પ્રકાશ :** અજવાળું

આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજે તો આપણને આજ્ઞા કરી છે કે...

**'પૂજા કર્યા વિના જમવું નહીં ને પાણી વગેરે પણ ન પીવું.'**

(સત્સંગદીક્ષા શ્લોક : ૭૬)

હા મિત્રો, જે પૂજા કર્યા વિના પાણી પણ નથી પીતાં તેના પર મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય છે.



તમારા જેવા ઘણાં શિશુઓએ આપણા ગુરુહરિને રાજી કર્યા છે.
ચાલો, તમારા જેવા જ એક નિત્યપૂજાની દૃઢતા વાળા શિશુનો પ્રસંગ જોઈએ...

મુંબઈમાં તમારી જેવો જ એક આદર્શ શિશુ મનન રહે છે.
એક વખત મનનને ખૂબ જ તાવ આવ્યો.
ડોક્ટરે કહ્યું કે, 'મનનને તો મલેરિયા થયો છે. માટે તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડશે.' આથી તેને હોસ્પિટલમાં દાખલ કર્યો.





હોસ્પિટલમાં આખો દિવસ તો પસાર થઈ ગયો. પરંતુ બીજા દિવસે સવારમાં ડોક્ટરે કહ્યું કે, 'મનન! કંઈક ખાઈ લે.'

ત્યારે મનન કહે, 'પહેલાં મારા ઘરેથી મારી પૂજા મંગાવો. હું સ્નાન કરી, ભગવાનની પૂજા કરીને પછી જ કંઈક ખાઈશ.'

આ સાંભળી બધાને નવાઈ લાગી. આટલી તબિયત ખરાબ હોવા છતાં, સમયસર દવા લેવાની હોવા છતાં, હોસ્પિટલમાં હોવા છતાં પણ મનન કહે, **'મારે તો સ્વામીબાપાને રાજી કરવા છે. માટે હું નિત્યપૂજા કરીને પછી જ જમીશ.'**



આમ, મનને દૃઢતા અને ભક્તિભાવથી હોસ્પિટલમાં પૂજા કરી સ્વામીબાપાને રાજી કર્યા.
તમારે પણ સ્વામીબાપાને રાજી કરવા છે ને ? તો ચાલો, આપણે નિત્યપૂજા કરીએ.

**દૃઢતા :** એકદમ મજબૂત મન રાખવું | **મલેરિયા :** મચ્છર દ્વારા થતો રોગ



૧. તિલક-ચાંદલો



૨. ધ્યાન-માનસી



૩. સાધનામંત્ર : અક્ષરમ્ અહમ્ પુરુષોત્તમ દાસોસ્મિ



૪. આહ્‌વાન મંત્ર



૫. માળાજાપ



૬. તપની માળા



૭. પ્રદક્ષિણા



૮. દંડવત્-પ્રણામ



૯. પ્રાર્થના



૧૦. પુનરાગમનમંત્ર



૧૧. ગ્રંથ વાંચન



૧૨. પંચાંગ પ્રણામ

## શિશુ ગુંજન

ઝટપટ ઝટપટ ઊઠો સવારે,
સ્નાન કરવું રોજ સવારે,
નિત્યપૂજા કરવી સવારે,
મળો શ્રીજીને રોજ સવારે,
મળો સ્વામીને રોજ સવારે,

## શિશુ ગુંજન

એક... કરીએ તિલક-ચાંદલો,
બે... કરીએ ધ્યાન-માનસી,
ત્રણ... બોલીએ સાધનામંત્ર,
ચાર... બોલીએ આહ્‌વાન મંત્ર,
પાંચ... ફેરવીએ પાંચ માળા,
છ... કરીએ તપની એક માળા,
સાત... ફરીએ અગિયાર પ્રદક્ષિણા,
આઠ... કરીએ છ દંડવત્ પ્રણામ,
નવ... કરીએ પ્રભુ પ્રાર્થના,
અને દશ ? દશમું શું કરવાનું ?
બોલીએ પુનરાગમનમંત્ર,
અગિયાર... કરીએ ગ્રંથવાંચન,
પણ કયા ગ્રંથનું વાંચન ?
શિક્ષાપત્રીના બે શ્લોક ને
સત્સંગદીક્ષાના ત્રણ,
બાર... કહીને કરું પ્રણામ,
માતપિતાને પંચાંગ પ્રણામ,
આ નિત્યપૂજાથી પડે સવાર,
રાજી થાયે સ્વામી અપાર.

**આહ્‌વાન :** બોલાવવું | **પુનરાગમન :** ફરી પાછા આવવા માટે વિનંતી કરવી

*(આહ્‌વાન મંત્ર અને પુનરાગમન મંત્ર માટે પાના નંબર ૬૯ જુઓ.)*

# ७. ઘરમંદિર

શિશુમિત્રો, તમે ક્યાં રહો છો ? સરસ મજાના ઘરમાં! બરાબર ને ?
તમે આખો દિવસ ઘરમાં રહો છો, તો તમારા ઘરમાં શું શું છે તે પણ જાણતા હશો. તો નીચેના ઉખાણાંના જવાબ આપશો ?

વાસણનો તો ઢગલો મળશે, ખાટી-મીઠી વાનગી મળશે,
ઝટપટ મારું નામ બોલો, મમ્મી પણ તમને અહીં મળશે...

બોલો બોલો... મારું નામ શું છે ? ..........................





ચાર મારા પાયા છે, ઉપર થાળી-વાટકી છે,
જમવા જલ્દી આવી જાઓ, ખુરશીઓ પણ ગોઠવી છે.

બોલો બોલો... હું કોણ ? ..........................

ઉપર પોચું ગાદલું, ને પોચું પોચું ઓશીકું,
ઝટપટ આવી સૂઈ જજો, હું મીઠી નીંદર આપું.

બોલો બોલો... એ કઈ જગ્યા ? ..........................



વાહ શિશુમિત્રો, અભિનંદન!
તમે તો બધા જ ઉખાણાંના જવાબ આપી દીધા. અને એ પણ સાચા!
પણ શિશુમિત્રો, જેમ વાસણ મૂકવા હોય તો ઘરમાં રસોડું હોય છે... જમવા માટે ઘરમાં ડાઈનીંગ ટેબલ હોય છે... સૂવા માટે ઘરમાં પલંગ હોય છે... કપડાં મૂકવા માટે આપણા ઘરમાં કબાટ હોય છે... અરે નાહવા માટે ઘરમાં બાથરૂમ હોય છે...
તો પછી ભગવાનને રહેવા માટે ઘરમાં કઈ જગ્યા હોય છે ?

**ઉખાણાં :** કોયડાં, અટપટાં પ્રશ્નો

હા, એકદમ બરાબર! ભગવાનને રહેવા માટે ઘરમાં હોય છે, **ઘરમંદિર!**
શિશુમિત્રો, નીચે એક સુંદર ઘરમંદિર તૈયાર છે, તમારે એ મંદિર જોઈએ છે ? તો તેમાં સરસ મજાના રંગ પૂરી દો...



જેમ આપણા ઘરમાં દાદા, દાદી, પપ્પા, મમ્મી, ભાઈ, બહેન બધાં રહે છે, તેમ ભગવાનને પણ આપણી સાથે રાખવા છે ને ? તો તે માટે ઘરમાં ઘરમંદિર જોઈએ!
શિશુમિત્રો, જો ભગવાન આપણી સાથે રહે તો! કેવી મજા પડે!

જો ભગવાન તમારા ઘરમાં તમારી સાથે રહે તો તમે એમની સાથે શું કરો ? નીચે આપેલ વિવિધ ક્રિયાઓ જો તમે કરવાના હો તો તેની પર ✓ કરશો.



**હું ઘરમંદિરમાં ભગવાનની આરતી કરીશ. (   )**



**હું ઘરમંદિરમાં ભગવાનને થાળ ધરીશ. (   )**



**હું ઘરમંદિરમાં ભગવાનનું પૂજન કરીશ. (   )**



**હું ઘરમંદિરમાં ભગવાનને હાર પહેરાવીશ. (   )**



**હું ઘરમંદિરમાં ભગવાનને પ્રાર્થના કરીશ. (   )**



**હું ઘરમંદિરમાં ભગવાનને જળ ધરીશ. (   )**

હા શિશુમિત્રો, ભગવાન આપણાં ઘરમાં ઘરમંદિરમાં રહેવા માટે જ પધારતા હોય છે.

**આપણે ઘરમંદિરમાં ભગવાનની આરતી કરીએ, થાળ ધરીએ, પૂજન કરીએ, હાર પહેરાવીએ, પ્રાર્થના કરીએ, જળ ધરાવીએ, તેમને પોઢાડીએ... આમ દરેક પ્રકારે ભગવાનની ભક્તિ આપણે ઘરમંદિરમાં કરી શકીએ.**

હા, જે શિશુઓ આવી રીતે ઘરમંદિરમાં ભક્તિ કરે તેના પર આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય છે.



એક વખત ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ રાજકોટમાં બિરાજતા હતા.

ત્યારે તમારા જેવો જ એક આદર્શ શિશુ તેમની પાસે આવ્યો.

તેનું નામ યોગેશ. યોગેશના પિતા સુનિલભાઈએ પ્રમુખસ્વામી મહારાજને વાત કરી કે, 'યોગેશ દરરોજ ઘરમંદિરમાં જાતે થાળ અને આરતી કરે છે.'

વળી, થોડીવાર પછી પ્રમુખસ્વામી મહારાજ જમવા બેઠા ત્યારે યોગેશ ઘરમંદિરમાં થાળ ધરાવતો હોય તેમ બોલ્યો, 'મહારાજ જમો... સ્વામી જમો...'

યોગેશની આવી ભક્તિ જોઈ પ્રમુખસ્વામી મહારાજ ખૂબ રાજી થયા અને તેને પેંડાનો પ્રસાદ આપ્યો.

બોલો શિશુમિત્રો, તમારે પણ પ્રમુખસ્વામી મહારાજનો આવો રાજીપો મેળવવો છે ? તો આજથી જ આપણે નક્કી કરીએ...

## શિશુ ગુંજન

**નિત્ય કરું હું થાળ આરતી,**
**પ્રાર્થના અને પ્રભુની ભક્તિ,**
**ઘરમંદિરમાં સેવા કરી,**
**કરું સ્વામીને રાજી રાજી...**

**પોઢાડીએ :** સૂવડાવીએ | **નિત્ય :** હંમેશાં

# ૮. અભ્યાસ




શિશુમિત્રો,
તમારે આ બધામાંથી કોના
જેવા મોટા માણસ બનવું છે ?
તેના પર ✓ કરો.

શિશુમિત્રો, તમે જોયું ? તમારે જે બનવું છે તેના પર તો તાળું લાગેલું છે. તમારે સૌથી પહેલાં તો એ તાળું ખોલવું પડશે. એ માટે તમારે એક ચાવીની જરૂર પડશે!

નીચે કેટલીક જગ્યાઓ આવેલી છે.
તેમાંથી સાચી જગ્યાએ જશો તો તમને મોટા માણસ બનવાની ચાવી મળી જશે.
તો થઈ જાવ તૈયાર...



વાહ! શિશુમિત્રો, તમે મોટા માણસ બનવાની ચાવી શોધી લીધી! અભિનંદન!
શિશુમિત્રો, તમને શાળામાંથી મોટા માણસ બનવાની ચાવી મળી તો ગઈ.
પરંતુ ધ્યાનથી જુઓ, તમને એ ચાવી પર કંઈક લખેલું દેખાશે.

**'મોટા માણસ બનવાની ચાવી સારો અભ્યાસ છે.'**

એ ચાવી પર શું દેખાયું, શિશુમિત્રો ?
વાક્ય પૂરું કરો :
મોટા માણસ બનવાની ચાવી ______________________ છે.
હા, શિશુમિત્રો ! અભ્યાસથી જ આપણે આગળ વધી શકીએ છીએ.
તમારા જેવા ઘણાં નાના-નાના શિશુઓ આ અભ્યાસની ચાવીથી મોટા માણસ બની ગયા છે.



સારો અભ્યાસ કરનાર શિશુઓ પર
ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય છે.
પ્રમુખસ્વામી મહારાજે તો આપણને સૌને આજ્ઞા કરી છે,
**'દરરોજ ત્રણ કલાક વ્યવસ્થિત અભ્યાસ કરવો.'**
તો શિશુમિત્રો, ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને
મહંતસ્વામી મહારાજને રાજી કરવા આજે
આપણે નક્કી કરીએ કે,

## શિશુ ગુંજન

**ભણવામાં હું ધ્યાન દઈશ,**
**ઘેર આવીને લેશન કરીશ,**
**અભ્યાસ સારો કરતો રહું,**
**સ્વામી-શ્રીજીને રાજી કરું.**

**વ્યવસ્થિત :** એકદમ સરખું

તો ચાલો, હવે નીચેના ચિત્રમાં રંગ ભરીએ. પરંતુ શિશુમિત્રો, એમાં પણ તમારે અભ્યાસની મદદ લેવી પડશે.

ચિત્રમાં તમને કેટલાંક ગણિતના દાખલા આપ્યા છે. તે દાખલા તમારે પહેલા ગણવાના છે.

ત્યારપછી ત્યાં જવાબ ૨ અથવા ૩ આવે ત્યાં પીળો રંગ પૂરવાનો છે.

જ્યાં ૪ કે ૫ જવાબ આવે ત્યાં લાલ રંગ,

૬ કે ૭ આવે ત્યાં વાદળી રંગ અને

૮ કે ૯ આવે તો લીલો રંગ પૂરવાનો છે.

બધા જ રંગ પૂરી દેશો એટલે એક સુંદર ચિત્ર દોરાઈ જશે! જે તમે બનવાના છો!



# ૯. આરતી



એક વખત સાંજનો સમય હતો.

સહજ અને ખુશી બહાર ઓસરીમાં હીંચકા ખાતા હતા. ત્યાં તો ખુશીએ સહજને કહ્યું...



ચાલ સહજ! તને એક ઉખાણું પૂછું.

સવાર-સાંજે રોજ થાય, શ્રીહરિ તેમાં પ્રગટ થાય,
દીવો પ્રગટાવી, ઘંટડી વગાડી, શ્રીહરિની પૂજા થાય...

બોલ સહજ! એ શું ?



સહજ તો આ સાંભળી માથું ખંજવાળવા લાગ્યો. તેણે ઘણું વિચાર્યું પણ કંઈ સમજાયું નહીં.

શિશુમિત્રો, તમને આ ઉખાણાનો જવાબ આવડે છે?



ખુશી તો હસવા માંડી. તેણે કહ્યું.

'સહજ! તને એટલું પણ નથી આવડતું ? ચાલ, સામે જે આડાઅવળાં અક્ષરો છે, તેમાંથી લાલ રંગના અક્ષરો શોધી કાઢ. તેમાં એનો જવાબ છુપાયેલો છે.'

**ઓસરી :** ઘરની આગળની જગ્યા | **પ્રગટ :** હાજર, સામે

શિશુમિત્રો, સહજની પહેલાં તમે જ આ ઉખાણાંનો જવાબ શોધી નીચે લખી દો.

ક આ બ ક થ તી લ

ત ખ પ ર વ ન ય

----------- ----------- -----------

હા શિશુમિત્રો, ઉખાણાંનો જવાબ છે **આરતી**! આરતીમાં ભગવાન સાક્ષાત્ પધારે છે. તો તમારે પણ આરતી કરીને ભગવાનનાં દર્શન કરવા છે ને ? પણ તેના માટે થોડીક વસ્તુ તમારે ભેગી કરવી પડશે. તમે તૈયાર છો ?

તો ચાલો, નીચેના ચિત્રમાં આરતી માટે જરૂરી વસ્તુઓ છુપાયેલી પડી છે, તમે તેને શોધી કાઢો જોઈએ !

(નીચેના ચિત્રમાં જ્યાં દીવી, ઘંટડી, દિવાસળીની પેટી, દિવેટ, ઘીનો ડબ્બો, અગરબત્તીનું પેકેટ, નગારું, ઝાલર, ઘંટ દેખાય ત્યાં રાઉન્ડ કરવું.)



**ઝાલર :** આરતી સમયે દાંડી મારી વગાડવામાં આવતું થાળી જેવું વાજિંત્ર

વાહ શિશુમિત્રો, અભિનંદન! તમે તો આરતીની તમામ વસ્તુઓ શોધી કાઢી!
તેનાથી રાજી થઈને આપણા ગુણાતીત ગુરુઓ તમને એક સરસ વાત પણ કહેવાના છે!
ધ્યાનથી સાંભળજો તેઓ શું કહે છે તે...



યોગીજી મહારાજ કહે છે,
**'આરતીમાં ભગવાન સાક્ષાત્ પધારે છે!'**
માટે આરતી આપણે સાચા હૃદયથી
કરવી...



પ્રમુખસ્વામી મહારાજ કહે છે,
**'આરતી કરવાથી આપણામાં**
**ભગવાનનું તેજ આવે છે!'**
માટે આરતી આપણે નિયમિત કરવી...



મહંતસ્વામી મહારાજ લખે છે.
**'આ આરતી તો ટોનીક છે. પાવર છે. જો આરતીનો મુખપાઠ કરશો તો અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ તમારી સાથે રમવા, જમવા, ભણવા આવશે.'**

**સાક્ષાત્ :** સામે હોય તેવું | **ભગવાનનું તેજ :** ભગવાન જેવા ગુણો | **ટોનિક :** જેનાથી શક્તિ મળે
**પાવર :** શક્તિ, તાકાત

શિશુમિત્રો ! તમારે ગુરુહરિ મહંતસ્વામી મહારાજને રાજી કરવા છે ને ?
તો આજથી જ નક્કી કરીએ...

## શિશુ ગુંજન

**આરતી કરીશું સવાર-સાંજ, પ્રભુના દર્શન કરવા કાજ,**
**રમવા શ્રીજી-સ્વામી સાથ, આરતીનો કરીએ મુખપાઠ.**

ચાલો શિશુમિત્રો, આપણે ગુરુહરિ મહંતસ્વામી મહારાજે તૈયાર કરાવેલ
'શ્રી સ્વામિનારાયણ આરતી'નો મુખપાઠ કરીએ...

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
અક્ષરપુરુષોત્તમ જય, દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ... ટેક

મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્,
સર્વોપરી કરુણાકર, માનવ તનુધારમ્...
જય સ્વામિનારાયણ... ૧.

પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ,
અક્ષરબ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ...
જય સ્વામિનારાયણ... ૨.

પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા,
ધર્મ એકાંતિક સ્થાપક, ભક્તિ પરિત્રાતા...
જય સ્વામિનારાયણ... ૩.

દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ,
સુહૃદભાવ અલૌકિક, સ્થાપિત શુભ રીતિ...
જય સ્વામિનારાયણ... ૪.

ધન્ય ધન્ય મમ જીવન, તવ શરણે સુફલમ્,
યજ્ઞપુરુષ પ્રવર્તિત સિદ્ધાન્તં સુખદમ્...
જય સ્વામિનારાયણ... ૫.

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
અક્ષરપુરુષોત્તમ જય, દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
જય સ્વામિનારાયણ...

# ૧૦. થાળ

શિશુમિત્રો ! ચાલો આજે જમવાની વાત કરીએ !



તમારું મનગમતું શરબત કયું ?

બાજુના બોક્સમાં ટપકાં જોડી ગ્લાસ દોરો અને તેમાં તે શરબતનો રંગ પૂરો.

તમારું મનગમતું ફળ કયું ?

બાજુના બોક્સમાં તેનું ચિત્ર દોરી તેમાં રંગ પૂરો.

તમારી મનગમતી વાનગી કઈ ?

બાજુના બોક્સમાં તે વાનગીનું ચિત્ર દોરો અથવા તેનું ચિત્ર ચોંટાડો.

ચિત્ર દોરતાં-દોરતાં મોંમા પાણી આવી ગયું કે શું ?

પણ શિશુમિત્રો, મને જણાવશો કે તમારી આ મનગમતી વાનગી કોણ બનાવી દે છે ?

મમ્મી ! બરાબર ને ?



**વાનગી :** જમવાની વસ્તુ



પણ તમારા મમ્મી એ વાનગી માટે અનાજ અને ફળો ક્યાંથી લાવે ?

બજારમાંથી !

પણ બજારમાં અનાજ-કઠોળ અને ફળો ક્યાંથી આવે છે ?

ખેતર અને વાડીમાંથી !





પણ આ ખેતરમાં અનાજ અને ફળો ઉગાડી કોણ આપે છે, તે તમે જાણો છો ?

ભગવાન !

શિશુમિત્રો, તમને સમજાયું ? તમને ભાવતી વાનગી, શરબત કે ફળ બધું જ આપણને ભગવાન આપે છે ! તો આપણે ભગવાનનો આભાર માનવો જોઈએ ને ?

હા, તો ભગવાનનો આભાર માનવા માટે આપણે ભગવાનને થાળ ધરાવવો જોઈએ !

**આપણે જે કંઈપણ જમીએ કે પીએ તે સૌપ્રથમ ભગવાનને ધરાવવું જોઈએ.** તેનાથી ભગવાન આપણા પર ખૂબ જ રાજી થાય છે !

તો ચાલો, તમારે ભગવાનને સરસ મજાનો થાળ ધરાવવો છે ને ?

**ધરાવવું :** જમાડવું



| | | | | | |
|---|---|---|---|---|---|
| પ | ઘા | રો | દા | શી | ણી |
| ભા | રી | ટ | ળ | રો | પા |
| ત | શા | લી | ણું | લ | શ |
| લ | ક | પા | પ | ડ | છા |
| ગુ | લા | બ | જાં | બુ | અ |

જુઓ, ઉપર આખો થાળ તૈયાર છે. તેમાં ૧૦ વાનગી મૂકી છે.
તમારે આ બધી વાનગીઓનાં નામ ઉપરના
બોક્સમાંથી શોધવાનાં છે. તો ચાલો શિશુમિત્રો, તૈયાર થઈ જાવ!

વાહ! તમે તો સરસ મજાનો થાળ તૈયાર કરી દીધો છે...

**હવે અંતરના ભાવથી, પ્રેમથી ભગવાનને થાળ ધરાવશો તો ભગવાન તમારો થાળ જમવા ચોક્કસ આવશે.**

એક વખત યોગીજી મહારાજે ભાવનગરમાં ભગવાનને થાળ ધરાવ્યો... ત્યારની તમને વાત કહું!



**અંતરના** : હૃદયના

## શિશુ ગુંજન

યોગીરાજે થાળ ધરાવ્યો... મહારાજ જમો, સ્વામી જમો.
થાળમાં મૂક્યા ૧૦-૧૦ લાડુ... મહારાજ જમો, સ્વામી જમો.
દાળ-ભાત-શાક-ભજીયાં પણ મૂક્યાં... મહારાજ જમો, સ્વામી જમો.
મૂર્તિ પાસે થાળ પધરાવ્યો... મહારાજ જમો, સ્વામી જમો.
બે કટોરા પાણીના ધર્યા... મહારાજ જમો, સ્વામી જમો.
પાંચ થાળ યોગીએ ગાયા... મહારાજ જમો, સ્વામી જમો.

શિશુમિત્રો, અડધા કલાક પછી જ્યારે ભગવાન પાસે મૂકેલો થાળ જોયો ત્યારે શું થયેલું તમે જાણો છો?

## શિશુ ગુંજન

પાંચ લાડુ ઓછા થયા... તે મહારાજ જમ્યા ને સ્વામી જમ્યા.
ભજીયાં-શાક-દાળ ઓછાં થયાં... તે મહારાજ જમ્યા ને સ્વામી જમ્યા.
પાણીના કટોરા પણ ખૂટ્યા... તે મહારાજ જમ્યા ને સ્વામી જમ્યા.
યોગી મહારાજે સમજાવ્યું કે... મહારાજ જમે છે, સ્વામી જમે છે.
પ્રેમભાવથી થાળ ધરાવો... મહારાજ જમે છે, સ્વામી જમે છે.
વિવિધ વાનગી થાળમાં ધરાવો... મહારાજ જમે છે, સ્વામી જમે છે.
તમને ભાવે તે તે ધરાવો... મહારાજ જમે છે, સ્વામી જમે છે.
રોજ રોજ તમે થાળ ધરાવો... મહારાજ જમે છે, સ્વામી જમે છે.

હા શિશુમિત્રો, પ્રેમભાવથી ભગવાનને થાળ ધરાવીએ તો ભગવાન આપણો થાળ જમે જ!
માટે આજથી તમે પણ દરેક વસ્તુ ભગવાનને ધરાવીને જમશો ને ? જો એમ કરશો તો ગુરુહરિ મહંતસ્વામી મહારાજ તમારા પર ખૂબ જ રાજી થશે!

**યોગીરાજ, યોગી :** યોગીજી મહારાજ | **કટોરા :** વાટકા

# ૧૧. ચોરી




**ચોરી :** પૂછ્યા વગર કોઈની વસ્તુ લેવી | **પાપ :** ખોટું કે ખરાબ કામ







જોયું ને શિશુમિત્રો, લંબુ ઊંટ અને શીલુ શિયાળે ચોરી કરી તો તેમને કેવું ખરાબ ફળ મળ્યું ? આથી જ આપણા ગુરુ મહંતસ્વામી મહારાજે સત્સંગદીક્ષા ગ્રંથમાં ૩૧માં શ્લોકમાં આજ્ઞા કરી છે કે,

# સત્સંગીઓએ ચોરી ક્યારેય ન કરવી.



**કોઈને પૂછ્યા વિના તેની વસ્તુ લઈએ એ ચોરી કહેવાય.**
**ચોરીનું પરિણામ ખૂબ જ ખરાબ મળે.**

**ખરાબ ફળ :** ખરાબ પરિણામ

શિશુમિત્રો, નીચે કેટલાંક મિત્રોની વાત લખી છે. જો તેઓ મહંતસ્વામી મહારાજની ચોરી ન કરવાની આજ્ઞા માનતા હોય તો તેમાં પીળો રંગ પૂરવો અને જો તેઓ આ આજ્ઞા ન પાળતા હોય તો તેમાં લાલ રંગ પૂરવો.

**શુભમ** તેના સગાના ઘરે જાય તો તેમને પૂછ્યા વગર કોઈ વસ્તુ લેતો નથી.

**શિવાંગી** રામુકાકાના બગીચામાંથી તેમને પૂછ્યા વગર જ ફૂલ લઈ આવે છે.

**દેવાંગને** પૈસાની જરૂર હોય તો પપ્પા પાસેથી લે, પણ ચોરી તો ન જ કરે.

**દીપક** કોઈની પાસેથી વસ્તુ લે તો તે પોતાની પાસે જ રાખી લે છે. ક્યારેય પાછી આપતો જ નથી.

**રાધા** તેની બહેનપણી સાથે રમવા જાય તો તેના રમકડાં રમીને પાછા આપી દે છે.

**સચિન** શાળામાં પરીક્ષા વખતે જવાબ ન આવડે તો બીજામાંથી જોઈને લખી નાખે છે.

શિશુમિત્રો, શુભમ, દેવાંગ અને રાધા જેમ વર્તન કરે છે તેમ આપણે પણ કરીએ તો સ્વામીબાપા ખૂબ જ રાજી થાય. પણ જો શિવાંગી, દીપક અને સચિનની જેમ ચોરી કરીએ તો સ્વામીબાપા આપણા પર રાજી ન થાય.

**શિશુમિત્રો, કોઈ આપણી વસ્તુ લઈ જાય તે આપણને ગમે ?**
**તેમ જ આપણે બીજાની વસ્તુ લઈએ તો તેને પણ દુ:ખ થાય ને ?**

ક્યારેક આપણને એવું થાય કે કોઈ જોતું નથી તો હું વસ્તુ લઈ લઉં. પણ ભગવાન તો બધું જુએ છે. કારણ કે ભગવાન તો બધે જ છે. તેઓ આપણા હૃદયમાં પણ રહ્યા છે.

માટે **જો આપણે ચોરી કરીએ, ખોટું કરીએ તો ભગવાન બધું જ જાણે છે. જો બીજા કોઈને ખબર પડે તો તે તો આપણને ‘ચોર’ કહે. એવું આપણને ગમે ? ના, માટે આપણે ચોરી કરાય જ નહીં.**

હા, જો આપણે આદર્શ શિશુ બની ચોરી ન કરીએ તો બધા જ આપણા પર રાજી થાય.

તો ચાલો, આજે આપણે ચોરી નહીં કરવાનું નક્કી કરીએ...

શિશુમિત્રો, અહીં નીચે તમને અલગ અલગ આકાર સાથે અલગ અલગ અક્ષર આપ્યા છે. નીચે આપેલી ખાલી જગ્યામાં જે આકાર તમને દેખાય ત્યાં તેની સાથેનો અક્ષર લખી વાક્ય પૂરું કરવાનું છે. તો થઈ જાઓ તૈયાર...






આખું વાક્ય અહીં મોટા અક્ષરે લખો.

તો બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

**કદીય જુઠ્ઠું બોલીશ નહીં, ચોરી કદીય કરીશ નહીં,**
**પ્રામાણિક જીવન રાખીશ, વિશ્વાસુ હું સૌનો બનીશ.**

**જુઠ્ઠું :** ખોટું | **પ્રામાણિક :** સાચું બોલવું, સાચું કરવું | **વિશ્વાસુ :** જેના પર વિશ્વાસ કરાય તેવું

# ૧૨. ઘનશ્યામ મહારાજ

શિશુમિત્રો, આજે આપણે જેમની વાત કરવાના છીએ એ આપણા પ્રિય મિત્ર છે...

એ ખાસ મિત્રનું નામ જાણવું છે તમારે ? તો જુઓ... નીચે મનન, રાધા, પૂજા અને તપન પાસે એ ખાસ મિત્રના નામના પતંગ છે. પરંતુ તે પતંગ ગૂંચવાઈ ગયા છે. તેને શોધી ક્રમમાં ગોઠવી દો એટલે નામ મળી જશે!




૧ ૨ ૩ ૪

તમને મળેલો જવાબ અહીં લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |
| ૧ | ૨ | ૩ | ૪ |



વાહ! તમે તો તમારા પ્રિય મિત્રનું નામ શોધી લીધું! એ નામ છે - **ઘનશ્યામ**! ચાલો, આજે આપણાં સૌના ખાસ મિત્ર ઘનશ્યામ મહારાજ એટલે કે ભગવાન સ્વામિનારાયણ વિષે જાણીએ.

**જન્મદિવસ :** ચૈત્ર સુદ નવમી, ૩ એપ્રિલ ૧૭૮૧

**જન્મનું ગામ :** અયોધ્યા પાસે છપૈયા

**માતાનું નામ :** ભક્તિદેવી

**પિતાનું નામ :** ધર્મદેવ



**ગૂંચવાઈ ગયા :** અટવાઈ ગયા | **ક્રમમાં :** નંબર પ્રમાણે

ઘનશ્યામ મહારાજ નાના હતા ત્યારથી જ આદર્શ શિશુ હતા! તેઓ કેવા આદર્શ હતા જાણો છો ? ઘનશ્યામ મહારાજ આખો દિવસ શું કરતા તે ખબર છે ? જો તે જાણીએ તો ખબર પડે કે આપણે આદર્શ બનવા શું કરવું.



**વહેલી સવારે ચાર વાગે જાગી સરયૂ નદીમાં સ્નાન કરે**



**ભગવાનની પૂજા કરે**



**ગાયનું દૂધ પીવે**



**પિતા પાસે અભ્યાસ કરે**



**મંદિરે દર્શન કરી કથા સાંભળે**



**૧૨ વાગે જમવા બેસે**





**અભ્યાસનું ઘરકામ પૂરું કરે** **સાંજે મિત્રો સાથે રમવા જાય**





**મંદિરે સંધ્યા આરતી કરે** **રાત્રે સાદું ભોજન કરે**





**ઘરસભા કરે** **પ્રાર્થના કરી સૂઈ જાય**

જોયું શિશુમિત્રો... ઘનશ્યામ મહારાજ આખો દિવસ સારામાં સારું ભણતા...
મિત્રો સાથે રમવા જતા. અને હા! ભક્તિ તો અવશ્ય કરતા.

**સંધ્યા આરતી :** સાંજે થતી આરતી | **અવશ્ય :** ચોક્કસ, નિયમિત



એક સાંજે ઘનશ્યામ મહારાજ મીન સરોવરે રમવા ગયા. વેણી, માધવ, પ્રાગ વગેરે મિત્રો પણ તેમની સાથે હતા. બધા મિત્રો ખૂબ જ મજા કરતા હતા. ત્યાં જ તેમની નજર સરોવર કિનારે પડી.

તેમણે જોયું તો એક જાડોપાડો માછીમાર માછલાં પકડતો હતો.

ઘનશ્યામને માછલીઓની દયા આવી. તેમણે માછીમારને કહ્યું, 'અરે ઓ માછીમાર! માછલીઓને છોડી દે. **કોઈપણ જીવની હિંસા કરવી એ પાપ છે.'**

પણ માછીમાર ઘનશ્યામની વાત ન માન્યો.

**ઘનશ્યામ તો ભગવાન હતા.** તેમણે માછલીના ટોપલા સામે દૃષ્ટિ કરી.

ત્યાં તો થયો ચમત્કાર! એક પછી એક બધી માછલીઓ ફરી જીવતી થઈ ને કૂદી કૂદીને પાછી પાણીમાં જવા લાગી. માછીમારને પણ સમાધી કરાવી ઘનશ્યામ મહારાજે સમજાવ્યું કે 'આપણે ક્યારેય કોઈની પણ હિંસા કરવી જોઈએ નહીં.'

માછીમાર તો ઘનશ્યામ મહારાજના ચરણોમાં પડી ગયો. **આવા હતા ઘનશ્યામ મહારાજ! બાળપણથી જ આદર્શ અને દયાળુ!**

ચાલો, એવા આદર્શ ઘનશ્યામ પ્રભુનો જયકાર કરીએ.

## શિશુ ગુંજન

**છપૈયામાં જન્મ્યા'તા... જય જય શ્રી ઘનશ્યામની!**
**માતપિતાને નમતા'તા... જય જય શ્રી ઘનશ્યામની!**
**અભ્યાસ સારો કરતા'તા... જય જય શ્રી ઘનશ્યામની!**
**ભક્તિ પ્રભુની કરતા'તા... જય જય શ્રી ઘનશ્યામની!**
**મિત્રો સાથે રમતા'તા... જય જય શ્રી ઘનશ્યામની!**
**અહિંસાના પાઠ શીખવ્યા'તા... જય જય શ્રી ઘનશ્યામની!**
**આદર્શ શિશુ બન્યા'તા... જય જય શ્રી ઘનશ્યામની!**

**માછીમાર :** માછલીઓને પકડનાર | **હિંસા :** મારી નાખવું
**ચરણોમાં :** પગમાં | **દયાળુ :** દયા રાખનાર | **અહિંસા :** હિંસા ન કરવી તે

# ૧૩. સત્સંગદીક્ષા



જય સ્વામિનારાયણ, શિશુમિત્રો !

હું તમને એક સરસ વાત કહું ? આજે આપણને બધાને એક સરસ મજાની ગીફ્ટ મળવાની છે !!!

એ ગીફ્ટ કોણે મોકલી છે તમને ખબર છે ?



આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજે !!!

હા, સ્વામીબાપાએ આ ગીફ્ટ જાતે તૈયાર કરી છે !

૬૪ દિવસ સુધી તેમણે રોજ ૨-૨ કલાક મહેનત કરીને આ ગીફ્ટ તૈયાર કરી છે !!!



શિશુમિત્રો, સ્વામીબાપાએ પાંચ બોક્સમાં આ ગીફ્ટ મોકલી છે. પણ તે બોક્સ ઉપરના શબ્દો ઊંધા થઈ ગયાં છે.

જો તમે આ શબ્દોની સામે અરીસો રાખશો તો સ્વામીબાપાએ મોકલેલી ગીફ્ટ તમને મળી જશે.

તો ચાલો, જલ્દી કરો... દરેક શબ્દ મળી જાય એટલે તેની નીચે રહેલા ખાલી બોક્સમાં આ ગીફ્ટનું નામ પણ લખી દો...



ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આપેલી ગીફ્ટ એટલે :






અભિનંદન! સ્વામીબાપાએ ખાસ આપણા સૌ માટે મોકલેલી ભેટ તમને મળી ગઈ છે!

એ છે, સત્સંગદીક્ષા ગ્રંથ!

શિશુમિત્રો, આ ભેટ ખરેખર ખૂબ જ કિંમતી ભેટ છે. જુઓ, ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આ સત્સંગદીક્ષા ગ્રંથનો કેવા મહિમા કહે છે...

**ભેટ :** ગીફ્ટ | **કિંમતી :** ખૂબ જ ઉપયોગી













શિશુમિત્રો, આ ગ્રંથમાં કુલ **૩૧૫ શ્લોક** લખાયેલા છે.

ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આ ગ્રંથ ગુજરાતી ભાષામાં લખ્યો છે અને ત્યારબાદ સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, પંજાબી, બંગાળી વગેરે જેવી ઘણી ભાષાઓમાં તૈયાર કરવામાં આવ્યો છે.

**આ ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણ અને આપણા ગુરુઓએ કરેલી આજ્ઞાઓ અને ઉપાસનાની વાત લખાયેલી છે.**

ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આપણને સૌને આજ્ઞા કરી છે કે...



શિશુમિત્રો, જે શિશુઓએ આ ગ્રંથનો મુખપાઠ કર્યો છે, તેમના પર ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થયા છે. ચાલો, એવા એક શિશુને મળીએ...



મુંબઈ શહેરના મુલુંડ વિસ્તારમાં **અક્ષર કેકરે** નામનો શિશુ રહે છે. આ શિશુની ઉંમર તમારી જેટલી જ છે. માત્ર ૪ જ વર્ષ. તેને હજુ તો લખતાં - વાંચતાં પણ આવડતું નથી.

અક્ષર આઠ મહિનાનો થયો ત્યારે તેને અસ્થમાની બીમારી થઈ. એ પછી તેને શ્વાસ લેવામાં પણ તકલીફ થવા માંડી. આ બધા જ પ્રશ્નો હોવા છતાં આ શિશુએ આખા સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરી સ્વામીબાપાને રાજી કર્યા છે.

તો તમારે પણ સ્વામીબાપાને રાજી કરવા છે ને ? તો એ માટે ચાલો, સત્સંગદીક્ષા ગ્રંથમાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આપેલી આજ્ઞાઓ યાદ રાખીએ, તેનું પાલન કરીએ અને સાથે સત્સંગદીક્ષાનો મુખપાઠ કરીએ...

## શિશુ ગુંજન

ગ્રંથ આપ્યો સ્વામીએ એનું સત્સંગદીક્ષા નામ,
ગુરુહરિની આજ્ઞાઓ પાળવાનું રાખો નિશાન...
શ્લોક નંબર બસો નવ, દશ અગિયાર ને બાર,
આદર્શ શિશુ બનવાના સ્વામીએ આપ્યા વિચાર...
પૂજા નિયમિત કરવી ને ધ્યાન દઈને ભણવું,
સૌની સેવા કરવી, નિર્બળ કદી ન બનવું...
કુસંગ-વ્યસનથી દૂર રહેવું, ભક્તિ સત્સંગ કરવા,
નિત્ય સવારે માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવા...
ગુરુહરિને રાજી કરવા ન ભૂલશો આ વાતો,
મુખપાઠ કરીએ સત્સંગદીક્ષા, આળસ કદી ન રાખો...

**નિર્બળ :** બળ વિનાનું

# ૧૪. રાજીપો



એક હતો કઠિયારો. જંગલમાંથી લાકડાં કાપે અને વેચે. તેનું નામ **બાઉદ્દીન**.



એક વખત ઠંડીનો સમય હતો. બાઉદ્દીન અને તેની માતા જંગલમાં લાકડાં કાપી પાછા આવતા હતા. ત્યાં રસ્તામાં એક હરિભક્ત તેમને મળ્યા.



તે હરિભક્તે બાઉદ્દીનને કહ્યું, 'અમારા ગુરુ ગુણાતીતાનંદ સ્વામી નજીકમાં બેઠાં છે. તેમને ઠંડી લાગે છે. તો તું તેમના માટે લાકડાં આપીશ?'



બાઉદ્દીનની માતાએ બાઉદ્દીનને કહ્યું, **'બેટા! ગુણાતીતાનંદ સ્વામી જેવા સાચા સંતની આ સેવા કરીશું તો તેઓ આશીર્વાદ આપશે. માટે તેમને લાકડાં આપી આવ.'**

**કઠિયારો :** લાકડાં કાપનાર





બાઉદ્દીન તો તરત ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યો. તેણે કાપેલા બધાં જ લાકડાં આપી પગે લાગ્યો અને કહ્યું, **'સ્વામી! મારા પર આપ રાજી રહેજો અને આશીર્વાદ આપજો.'**

ગુણાતીતાનંદ સ્વામી તો તેની આ સેવાથી રાજી થઈ ગયા અને આશીર્વાદ આપ્યા, **'બાઉદ્દીન! તારે હવે લાકડાં નહીં કાપવાં પડે!'**



આ વાતના થોડા જ દિવસ પછી બાઉદ્દીનને ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ ફળ્યા. બાઉદ્દીનની બહેનનાં લગ્ન જૂનાગઢના નવાબ સાથે થયાં.



**બાઉદ્દીન હવે તો જૂનાગઢના નવાબનો સંબંધી બન્યો. આથી હવે તેને લાકડાં કાપવાં જવાનું રહ્યું નહીં.**

**આશીર્વાદ ફળ્યા :** આશીર્વાદ સાચા થયા





એટલું જ નહીં, બાઉદ્દીનને નવાબે જૂનાગઢ રાજ્યના દિવાન બનાવી દીધા.

દિવાન બનેલા બાઉદ્દીને ઘણાં સારાં કામ પણ કર્યાં. તેમના નામની કોલેજ આજે પણ જૂનાગઢમાં આવેલી છે.

જોયું શિશુમિત્રો, જે લાકડાં કાપીને માંડ માંડ જીવન પસાર કરતો હતો, તે બાઉદ્દીન આખા જૂનાગઢનો દિવાન બની ગયો! કારણ તેના પર ગુણાતીતાનંદ સ્વામીનો રાજીપો થઈ ગયો.

હા શિશુમિત્રો, **જો ભગવાન અને સંતનો રાજીપો મળે તો કોઈપણ અઘરી લાગતી વાત પણ સહેલી બની જાય.**

ચાલો, આ વાત સમજીએ નીચેની ભૂલભૂલામણી દ્વારા. તમારે નીચેની ભૂલભૂલામણીમાંથી રસ્તો શોધી બીજા છેડે જ્યાં અક્ષરધામ છે ત્યાં પહોંચવાનું છે. તૈયાર છો ને ?



**દિવાન :** વજીર, પ્રધાન

જોયું ને શિશુમિત્રો, ભૂલભૂલામણી વાળા રસ્તે ચડ્યા તો અક્ષરધામ સુધી પહોંચી જ ન શક્યા! પણ જ્યાં સંત બિરાજતા હતા તે રસ્તે ગયા તો અક્ષરધામ સુધી પહોંચવું સહેલું બની ગયું!

એવી જ રીતે જો આપણે પણ ભગવાન અને ગુરુહરિ મહંતસ્વામી મહારાજના રાજીપાના રસ્તે ચાલીએ એટલે કે તેમને રાજી કરીએ તો આપણે ભગવાનના ધામ સુધી પહોંચી શકીએ!

પણ ભગવાન અને ગુરુહરિ મહંતસ્વામી મહારાજ રાજી કેવી રીતે થાય ? ચાલો, તમે જ જણાવો.

અહીં કેટલીક ક્રિયા આપી છે. જો એ ક્રિયા કરવાથી મહંતસ્વામી મહારાજ રાજી થતા હોય, તો તેમાં (☺) દોરો અને જો કુરાજી થતા હોય, તો તેમાં (☹) દોરો.



શિશુમિત્રો, ચાલો આજથી જ નક્કી કરીએ કે
ગુરુહરિ મહંતસ્વામી મહારાજનો રાજીપો આપણે મેળવવો જ છે. બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

**રાજીપો રે રાજીપો, શું છે આ રાજીપો ?**
**શ્રીજી કહે એ જાદુ છે, દુઃખ દૂર કરવાનો જાદુ છે...**
**રાજીપો રે રાજીપો, શું છે આ રાજીપો ?**
**સહેલો એ તો રસ્તો છે, અક્ષરધામનો રસ્તો છે...**
**રાજીપો રે રાજીપો, કોનો મેળવવો રાજીપો ?**
**શ્રીહરિ ને ગુરહરિનો, રાજીપો મેળવો રાજીપો...**

# ૧૫. મહંતસ્વામી મહારાજ





શિશુમિત્રો, ઉપરના ફોટોગ્રાફમાં કોણ છે તમને ખબર છે ?
એ છે એક આદર્શ શિશુ! એમનું નામ છે **'વિનુભાઈ'**.







વિનુભાઈનું મૂળવતન આણંદ હતું. પરંતુ
તેઓનો જન્મ ભારતના મધ્યપ્રદેશમાં આવેલ
**જબલપુર** નામનાં શહેરમાં થયો હતો.
શિશુમિત્રો, તમે આ વિનુભાઈને ઓળખ્યા ?
નહીં ને ?
વિનુભાઈ એટલે બીજું કોઈ નહીં પરંતુ આપણા
પ્યારા પ્યારા
**ગુરુહરિ મહંતસ્વામી મહારાજ!**

ચાલો, નીચે આપેલ સ્વામીબાપાના નામમાં મનગમતાં રંગ પૂરીએ.

# મહંતસ્વામી

શિશુમિત્રો, નીચેનું ચિત્ર હવે ધ્યાનથી જુઓ.
સરસ મજાની રેલગાડીમાં મહંતસ્વામી મહારાજ વિષેની ઘણી બધી વાતો છુપાયેલી છે.



શિશુમિત્રો, પાછળનાં ચિત્ર પરથી નીચેના પ્રશ્નોના સાચા જવાબ શોધી તેની નીચે '✓' કરો.

મહંતસ્વામી મહારાજના માતા અને પિતાનું નામ શું હતું ?




કે...




મહંતસ્વામી મહારાજની જન્મતારીખ કઈ છે ?




કે...




મહંતસ્વામી મહારાજને ભાગવતી દીક્ષા આપી શું નામ પાડ્યું ?




કે...




વાહ... તમે તો બધા જ જવાબ શોધી કાઢ્યા! અભિનંદન!
શિશુમિત્રો, તમને ખબર છે ?

**મહંતસ્વામી મહારાજને તમારા જેવા નાના-નાના શિશુઓ ખૂબ જ વહાલાં છે.**





મહંતસ્વામી મહારાજની પૂજામાં જે શિશુઓ 'સત્સંગદીક્ષા', 'સ્વામીની વાતો', 'વચનામૃત', 'વાર્તા' એવું જે કંઈ બોલે તે સાંભળીને સ્વામીબાપા ખૂબ જ રાજી થઈ જાય...





અરે! તેઓ ક્યાંય પણ જતા હોય ત્યારે પણ નાના નાના શિશુઓને જોઈ ખૂબ જ રાજી થઈ જાય...

તેમને પાસે બોલાવે... માથે હાથ મૂકે... આંખો પટપટાવે... પ્રેમથી ટપલી મારી આશીર્વાદ આપે... તેમની સાથે વાતો કરે... તમારા જેવા નાના નાના શિશુઓની મોટી મોટી વાતો સાંભળે... અરે! મહંતસ્વામી મહારાજ તો તમારા જેવા શિશુઓ સાથે રમત પણ રમે! તમને વાર્તા પણ કહે! અને હા... તમને સૌને ભાવતી સરસ સરસ પ્રસાદી પણ તેઓ આપે!

બોલો, આવા ગુરુજી કોને ન ગમે ?

તો ચાલો મારી સાથે સૌ ગાઓ...

## શિશુ ગુંજન

મને મહંતસ્વામી પ્યારા, તેઓ મિત્ર છે મારા,
હું તો કરતો કાલાંવાલાં, મારા સ્વામી તો છે વ્હાલા...
મારી સાથે સદાય રમતા, મને રાજી રાજી કરતા,
મારી સામે મીઠું હસતાં, મને બહુ બહુ ગમતા...
મને મહંતસ્વામી...
મારી વાત સાંભળે હેતે, મને બોલાવે છે પ્રીતે,
જ્યારે વ્હાલ એ વરસાવે, ત્યારે હૈયું બહુ હરખાયે...
મને મહંતસ્વામી...
સભામાં આવી રમત રમાડે, મીઠી પરસાદી જમાડે,
ભક્તિનો રાહ બતાવે, મને અક્ષરધામ અપાવે.
મને મહંતસ્વામી...

**હરખાય :** આનંદ થાય, ખુશી થાય | **પરસાદી :** પ્રસાદી | **રાહ :** રસ્તો બતાવે

# ૧૬. મુખપાઠ

શિશુમિત્રો, આજે આપણે તમારા મગજની પરીક્ષા કરવાના છીએ.

અહીં એક છૂપો પ્રશ્ન લખ્યો છે. તમારે એ સમજવા માટે વચ્ચે આવતા ચિત્રોને ઓળખી તેનું નામ લખવાનું છે.

બધી ખાલી જગ્યા લખી નાખશો એટલે તમને છૂપો પ્રશ્ન મળી જશે... તો થઈ જાવ તૈયાર!

 __________ ના એ રાજા છે.

 __________ અને  __________ ને એ ચમકાવે છે.

ટમટમ  __________ એ ટમકાવે છે.

રીમઝીમ  __________ એ વરસાવે છે.

 __________ માં સુગંધ એ મૂકે છે.

રસદાર  __________ એ આપે છે.

 __________ ને એ બુદ્ધિ આપે છે.

આજે એ  ____________________ માં પ્રગટ બિરાજે છે.

બોલો એ કોણ છે ?

વાહ! શિશુમિત્રો, તમને તો આખો પ્રશ્ન સમજાઈ ગયો... પરંતુ હવે એનો જવાબ તો આપો.

હા... એકદમ બરાબર! આનો જવાબ છે - ભગવાન સ્વામિનારાયણ!

જોયું શિશુમિત્રો! આપણે બધાએ ફક્ત ચિત્ર જોઈને એ શું છે એ જણાવી દીધું. તેનું કારણ જાણો છો ?

તેનું કારણ છે ભગવાને આપણને આપેલું મગજ!

આપણું મગજ એક સાથે કેટલાં બધાં કામ કરી શકે છે તે તમે જાણો છો ?

સામે તમારું ઘર દોરેલું છે. તેના પર ૧ લખવામાં આવ્યો છે. હવે તેની પાછળ તમારે સરસ મજાનાં '૦' (શૂન્ય) દોરવાનાં છે. છેક ચંદ્ર સુધી તમારે એ શૂન્ય દોરવાનાં છે...







શિશુમિત્રો, આવી રીતે સાચે જ તમારા ઘરથી ઉપર દેખાતા ચંદ્ર સુધી જો તમે શૂન્ય દોરો અને જેટલી સંખ્યા થાય તેટલાં કામ આપણું મગજ એકસાથે કરી શકે છે! છે ને અદ્‌ભુત!

પરંતુ શિશુમિત્રો, આટલા શક્તિશાળી મગજમાં જો ખોટા વિચાર આવી જાય તો ?

તો આપણે ખોટું કામ કરતા થઈ જઈએ. આપણને અને બીજા બધા માણસોને બહુ મોટું નુકસાન થાય.

આથી આપણું મગજ શુદ્ધ અને પવિત્ર રાખવું જોઈએ.

**આપણા મગજને શુદ્ધ અને પવિત્ર બનાવવા ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ઉપાય બતાવે છે - મુખપાઠ.**

પણ આ મુખપાઠ એટલે શું ?

નીચે આપેલ ટપકાંઓ જોડી વાક્ય લખીએ તો મુખપાઠ એટલે શું એ ખબર પડી જશે.




**અદ્‌ભુત :** માની ન શકાય તેવું | **શુદ્ધ :** ચોખ્ખું | **પવિત્ર :** સાફ

સત્સંગનાં દિવ્ય વચનો એટલે શું ?

**સત્સંગનાં દિવ્ય વચનો એટલે ભગવાન સ્વામિનારાયણ અને ગુરુપરંપરાએ કહેલાં વચનો, સંતો-ભક્તોએ બનાવેલાં કીર્તન, શ્લોક, સાખી વગેરે.**



શિશુમિત્રો, સત્સંગનાં દિવ્ય વચનોના મુખપાઠથી ઘણા ફાયદા થાય છે.

એક તો **આપણું મગજ ખૂબ જ ઝડપથી ચાલે.** આપણે ઘણું બધું યાદ રાખી શકીએ.

આપણને શાળામાં ભણાવેલું બધું યાદ રહે.

પરીક્ષામાં બધા જ પ્રશ્નોના જવાબ તરત યાદ આવે અને પહેલો નંબર પણ આવે !



મુખપાઠનો બીજો મોટો ફાયદો એ કે **મુખપાઠ કરવાથી આપણી બુદ્ધિમાં પ્રકાશ થાય.**

એટલે કે આપણું મગજ હંમેશાં સારા-સારા વિચારો જ કરે.

ખરાબ વિચારો આવે જ નહીં.

**મુખપાઠ કરવાથી હંમેશાં હિંમત રહે.** આપણને ક્યારેય ચિંતા ન રહે.

આ બધાથી સૌથી મોટો લાભ કયો તમે જાણો છો ? **ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય!**

તો શિશુમિત્રો, તમારે ગુરુહરિ મહંતસ્વામી મહારાજને રાજી કરવા છે ને ? તો ચાલો, આપણે જયનાદ, આહ્‌વાન મંત્ર અને પુનરાગમન મંત્રનો મુખપાઠ કરીએ.

**વચનો :** વાક્યો

## જયનાદ

**શ્રી સ્વામિનારાયણ ભગવાનની... જય**
**અક્ષરપુરુષોત્તમ મહારાજની... જય**
**ગુણાતીતાનંદ સ્વામી મહારાજની... જય**
**ભગતજી મહારાજની... જય**
**શાસ્ત્રીજી મહારાજની... જય**
**યોગીજી મહારાજની... જય**
**પ્રમુખસ્વામી મહારાજની... જય**
**મહંતસ્વામી મહારાજની... જય**

## આહ્‌વાન મંત્ર

**ઉત્તિષ્ઠ સહજાનંદ શ્રીહરે પુરુષોત્તમ ।**
**ગુણાતીતાક્ષર બ્રહ્મન્ ઉત્તિષ્ઠ કૃપયા ગુરો ॥**
**આગમ્યતાં હિ પૂજાર્થમ્ આગમ્યતાં મદાત્મતઃ ।**
**સાન્નિધ્યાદ્ દર્શનાદ્ દિવ્યાત્ સૌભાગ્યં વર્ધતે મમ ॥**

*હે સહજાનંદ શ્રીહરિ! હે પુરુષોત્તમ! કૃપા કરીને ઊઠો.*
*હે અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુ! કૃપા કરીને ઊઠો.*
*મારી પૂજા સ્વીકારવા માટે મારા આત્મામાંથી પધારો.*
*આપના દિવ્ય સાંનિધ્ય અને દર્શનથી મારું સૌભાગ્ય વધે છે.*

## પુનરાગમન મંત્ર

**ભક્ત્યૈવ દિવ્યભાવેન પૂજા તે સમનુષ્ઠિતા ।**
**ગચ્છાથ ત્વં મદાત્માનમ્ અક્ષરપુરુષોત્તમ ॥**

*હે અક્ષરબ્રહ્મ સહિત બિરાજમાન પુરુષોત્તમ નારાયણ!*
*આપની પૂજા ભક્તિભાવથી અને દિવ્યભાવથી જ મેં સંપન્ન કરી છે.*
*હવે આપ મારા આત્માને વિષે વિરાજિત થાઓ.*

તો ચાલો, આજથી જ અહીં આપેલ મુખપાઠ શરૂ કરી
દઈએ અને સ્વામીબાપાને રાજી કરીએ.

# ૧૭. સેવા

શિશુમિત્રો! અહીં આપણા મિત્રો ફુગ્ગા લઈને ઊભા છે.
તમારે એ દરેક ફુગ્ગા પર લખાયેલા શબ્દો તેમના બોક્ષમાં લખવાના છે. તો થઈ જાવ તૈયાર!




શિશુમિત્રો! આ ચારેય મિત્રો આપણને શું શીખવે છે ?

**'સેવા કરો.'**

હા, શિશુમિત્રો! સેવા એટલે એકબીજાની મદદ કરવી. બીજાનું સારું થાય તેવી ક્રિયા કરવી. **ખૂબ જ પ્રેમથી અને સાચા ભાવથી મદદ કરીએ તેનું નામ સેવા.** સેવા કરવાથી આપણે બધાના લાડકા બની જઈએ છીએ. સેવા કરનારા શિશુ સૌને ગમે! પણ સેવા કરવી કઈ રીતે ? તો જુઓ, આ ચારેય મિત્રો આપણને સેવા કરવાનું શીખવે છે.



**સહજ દરરોજ ઘરમાં કચરો વાળે છે.**



**ખુશી તેના ક્લાસરૂમમાં પડેલો કચરો કચરાપેટીમાં નાખી દે છે.**

**લાડકા :** ગમતા, પ્યારા





આનંદ શિશુસભામાં જાય ત્યારે બધાને પ્રસાદ આપવાની સેવા કરે છે.

ભક્તિ મંદિરે જાય ત્યારે બધાનાં ચપ્પલ વ્યવસ્થિત ગોઠવી દે છે.

અરે! ભગવાન સ્વામિનારાયણ અને આપણા બધા જ ગુરુહરિઓએ જીવનભર બધાની સેવા જ કરી છે.



ભગવાન સ્વામિનારાયણ



ગુણાતીતાનંદ સ્વામી



ભગતજી મહારાજ



શાસ્ત્રીજી મહારાજ

**જીવનભર :** જીવ્યા ત્યાં સુધી










શિશુમિત્રો! એક પ્રશ્ન પૂછું ? એવો કયો દિવસ હોય છે, કે જ્યારે તમે ખૂબ જ આનંદમાં હો ? જે દિવસે બધા જ તમને સરસ મજાની ભેટ આપે ? જે દિવસે બધા જ તમને 'Happy Birthday' કહે ?

હા, એ છે તમારો જન્મદિવસ! જન્મદિવસે તો આપણે માતા-પિતા અને વડીલોને પગે લાગીએ, તેમના આશીર્વાદ લઈએ, મિત્રોને મીઠાઈ વહેંચીએ... તેમની પાસેથી ભેટ મેળવીએ... બરાબર ને ?

પણ શિશુમિત્રો! તમે જાણો છો ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે તેમના જન્મદિવસે શું કરેલું ?



આ વાત છે માગશર સુદ આઠમ, ૨૬ નવેમ્બર ૧૯૭૧ની.

ધર્મજ ગામમાં પ્રમુખસ્વામી મહારાજનો ૫૧મો જન્મદિવસ ઊજવાતો હતો. આ દિવસે કેટલા બધા હરિભક્તો પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવેલા.

પ્રમુખસ્વામી મહારાજ સવારે જાગીને ચોકમાં દાતણ કરવા ગયા. ત્યારે તેમણે જોયું તો હરિભક્તોએ દાંત સાફ કરી તેમના એંઠાં દાતણ ચોકમાં નાખેલાં.

પ્રમુખસ્વામી મહારાજ તરત જ ચોકમાં ગયા અને એ એંઠાં દાતણ ભેગાં કરી કચરાપેટીમાં નાખી આવ્યા.

શિશુમિત્રો! પ્રમુખસ્વામી મહારાજ તો કેટલા મોટા! કેટલા બધા ભક્તોના ગુરુ હતા. તેમ છતાં તેમણે તેમના જન્મદિવસે નાનામાં નાની સેવા ઉમંગથી કરી.

તો આપણે સૌ પણ એવા જ ગુરુહરિ મહંતસ્વામી મહારાજના આદર્શ શિશુઓ છીએ.

તેથી આપણે સૌએ પણ નાનામાં નાની સેવા કરવી જ જોઈએ. જે સેવા કરે છે તેના પર ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય છે.

તમારે ગુરુહરિ મહંતસ્વામી મહારાજને રાજી કરવા છે ? તો બોલો મારી સાથે...

## શિશુ ગુંજન

**સેવા સેવા કરીએ સેવા, સ્વામીને રાજી કરવા સેવા,**
**માતપિતા ને ગુરુની સેવા, નાની તેમજ મોટી સેવા,**
**રાજીપો લેવાની સેવા, સ્વામીને મન ગમવા સેવા,**
**સેવા સેવા કરીએ સેવા, સ્વામીને રાજી કરવા સેવા.**

**ચોક :** મંદિરની આગળ રહેલી મોટી જગ્યા | **એંઠા :** કોઈના મોંઢામાંથી કાઢેલું

# ૧૮. માતા-પિતા

શિશુમિત્રો, અહીં તમારી કેટલીક મનગમતી વસ્તુઓ દોરેલી છે. તમારે તેને ટપકાં જોડી પૂરી કરી, તેમાં રંગ પૂરવાના છે. એ વસ્તુ કઈ છે તેનું નામ નીચે લખવાનું છે. તો થઈ જાવ તૈયાર !










**ખુશી :** સહજ, મારે તો સામે બતાવી તે બધી જ વસ્તુઓ જોઈએ છે.

**સહજ :** પણ આપણી પાસે તો પૈસા જ નથી.

**ખુશી :** તો મમ્મી-પપ્પા પાસેથી પૈસા લેતા આવીએ. તેમની પાસે કેટલા બધા પૈસા છે.

**સહજ :** પપ્પા રાતદિવસ મહેનત કરે છે. મમ્મી ઘરનું કામ કરતાં કરતાં પૈસા બચાવે છે. તેમની સખત મહેનતને અંતે પૈસા મળે છે.

**ખુશી :** ઓહ... મમ્મી-પપ્પા આટલી બધી મહેનત કરે છે ?

**સહજ :** હા, તેઓ આપણા માટે જ આટલી બધી મહેનત કરે છે.



હા, **આપણને જોઈતી બધી જ વસ્તુઓ આપણને માતા-પિતાની મહેનતથી મળે છે.** તેઓ થાકી જાય, બીમાર પડી જાય કે પછી ગમે તે પરિસ્થિતિ આવે, તેમ છતાં તેઓ આપણા માટે મહેનત કરે છે.

કારણ **માતા-પિતા આપણને પ્રેમ કરે છે.** ખરેખર, અંતરથી પ્રેમ કરે છે. તેઓ આપણને સમજે છે.

શિશુમિત્રો, આથી જ આપણા શાસ્ત્રો આપણને શીખવે છે...

**मातृदेवो भव । - માતાને દેવ સમાન જાણો.**

**पितृदेवो भव । - પિતાને દેવ સમાન જાણો.**

માતા-પિતાના આપણા પર ગણી પણ ન શકાય એટલા બધા ઉપકારો છે.

**ઉપકારો :** બીજાનું સારું કરવું તે



માતા-પિતા આપણને જન્મ આપે છે.



માતા-પિતા આપણને પ્રેમ આપે છે.



માતા-પિતા આપણને સંસ્કાર આપે છે.



માતા-પિતા આપણી ભણવાની વ્યવસ્થા કરે છે.



માતા-પિતા આપણને ભગવાન અને ગુરુ ઓળખાવે છે.



તકલીફમાં હોઈએ ત્યારે માતા-પિતા આપણને સાચવે છે.

શિશુમિત્રો, માતા-પિતાએ આપણા પર આવા તો અનેક ઉપકારો કર્યા છે. આપણે તેમનો આભાર તો માનવો જ જોઈએ ને ?

**માતા-પિતાનો આભાર માનવા માટે આપણે...**



**માતા-પિતાને પંચાંગ-પ્રણામ કરવા.**



**માતા-પિતા જેમ કહે તેમ કરવું.**

હા શિશુમિત્રો, **જો આપણે માતા-પિતાને પ્રણામ કરીશું અને તેઓ જેમ કહે તેમ કરીશું તો ગુરુહરિ મહંતસ્વામી મહારાજ આપણા પર ખૂબ જ રાજી થશે.**




ચાલો, માતા-પિતાનો આભાર આપણે તેમને સરસ મજાનું ફૂલ આપીને માનીએ.

એક કોરા કાગળમાં બાજુમાં બતાવ્યા પ્રમાણે તમારા હાથથી ફૂલ બનાવી માતા-પિતાને આપીએ.

તો બોલો સૌ મારી સાથે...

## શિશુ ગુંજન

**માતપિતાના છે ઉપકાર,**
**રોજ કરું હું નમસ્કાર,**
**આજ્ઞા પાળું સેવા કરું,**
**રાજી કરીને આશિષ લઉં.**

# ૧૯. મંદિર

**શિશુમિત્રો ! આજે તમને થોડા પ્રશ્નો પૂછવા છે... નીચેના ખાનામાં જવાબ લખીશું.**



આકાશમાં ઊંચે ઊંચે ઊડતાં પક્ષીઓ ક્યાં રહે છે? ..........




ચૂં... ચૂં... કરનારા ઉંદરભાઈ ક્યાં રહે છે? ..........



રંગબેરંગી માછલી ક્યાં રહે છે? ..........



તો હવે કહો, તમે ક્યાં રહો છો? ..........

હા શિશુમિત્રો, પક્ષી માટે માળો ને ઉંદર માટે દર, માછલીને રહેવા માટે પાણી ને માણસ માટે ઘર!
તો ભગવાનને રહેવા માટે શું હોય છે ? તમે જાણો છો ?
વાહ! એકદમ બરાબર! **ભગવાનને રહેવા માટે હોય છે મંદિર!**
**મંદિરમાં ભગવાન તેમના ભક્ત સાથે સદાય બિરાજે છે.**
આથી મંદિર અત્યંત પવિત્ર જગ્યા છે.
ભક્તો મંદિરમાં જઈ ભગવાનની ભક્તિ કરે છે.

**સદાય બિરાજે :** હંમેશા રહે | **અત્યંત :** ખૂબ જ



શિશુમિત્રો, ડુંગર ભક્ત એટલે કે આપણા શાસ્ત્રીજી મહારાજ જ્યારે નાના હતા ત્યારથી જ માટીમાંથી મંદિરો બનાવી ભજન-ભક્તિ કરતા.

તો ચાલો, આપણે મંદિરનાં વિવિધ અંગોને જાણીએ.



શિશુમિત્રો, ડુંગર ભક્ત જ્યારે મોટા થયા એટલે કે શાસ્ત્રીજી મહારાજ બન્યા ત્યારે તેમણે મોટાં-મોટાં પાંચ શિખરબદ્ધ મંદિરો બાંધ્યાં અને તેમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. જમણો હાથ મુઠ્ઠીવાળીને ઊંચો કરીને જોરથી બોલો, શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની... જય!


બોચાસણ


સારંગપુર


ગોંડલ


અટલાદરા


ગઢડા

**શિખરબદ્ધ :** જે મંદિરમાં ૫ સમયની આરતી થતી હોય તેવા મંદિર | **પધરાવ્યા :** સ્થાપના કરી

શિશુમિત્રો, સહજને શાસ્ત્રીજી મહારાજે બાંધેલા એ બધાં જ મંદિરોનાં દર્શન કરવાં છે, તો તમે તેમને રસ્તો બતાવશો?




વાહ! અભિનંદન! તમે તો બધાં જ મંદિરોનાં દર્શન કરાવી દીધાં. શિશુમિત્રો, આપણા ગુરુહરિ મહંતસ્વામી મહારાજે પણ આપણને નિયમિત મંદિરે દર્શન કરવા જવાની આજ્ઞા કરી છે.



**સર્વે સત્સંગીઓએ સવારે, સાંજે અથવા પોતાના અનુકૂળ સમયે પ્રતિદિન ભક્તિએ કરીને સમીપે આવેલ મંદિરે દર્શને જવું.**

(સત્સંગદીક્ષા શ્લોક : ૯૩)

આપણી નજીક આવેલા મંદિરે દર્શન કરવા દરરોજ જવું જોઈએ. જો મંદિર નજીકમાં ન હોય તો આપણા ઘરમંદિરમાં પણ દર્શન કરી શકાય. તો, તમારે મહંતસ્વામી મહારાજની આજ્ઞા પાળી તેમને રાજી કરવા છે ને ? તો સ્વામીશ્રીનો રાજીપો મેળવવા માટે તૈયાર થઈ જાવ...

## શિશુ ગુંજન

ચાલો ચાલો જલ્દી જલ્દી મંદિર દર્શન કરીએ.
આરતી, કીર્તન, ભક્તિ સાથે મંદિર દર્શન કરીએ.
પ્રભુ પ્રગટ બિરાજે છે, મંદિર દર્શન કરીએ.
ગુરુહરિને રાજી કરવા મંદિર દર્શન કરીએ.

**અનુકૂળ :** આપણને ફાવે તેવું | **પ્રતિદિન :** દરરોજ | **સમીપે :** નજીક

# ૨૦. શિશુસભા



શિશુમિત્રો, આ છે તમારો નવો મિત્ર!
તેનું નામ છે - અક્ષર.
આ અક્ષર એક આદર્શ શિશુ છે!
અક્ષર દરરોજ સવારે નિત્યપૂજા કરે.



માતા-પિતા અને ઘરના વડીલોને પગે લાગે.

અક્ષર તો તેનાં માતા-પિતા જેમ કહે તેમ જ કરે.

આથી ઘરમાં બધાં તેને ખૂબ જ વહાલ કરે.



અક્ષરનું વર્તન શાળામાં પણ એકદમ વ્યવસ્થિત છે.

તેના શિક્ષકો જે ભણાવે તે ધ્યાન દઈને ભણે.

ભણવામાં હંમેશાં પહેલો નંબર જ લાવે.

આથી શાળાના શિક્ષકો પણ અક્ષરનાં ખૂબ જ વખાણ કરે.

**વડીલો :** આપણાથી મોટા વ્યક્તિ

અક્ષરના મિત્રો પણ તેના જેવા જ આદર્શ. અક્ષર તેના બધા મિત્રો સાથે મંદિરે જાય. ભગવાનનાં દર્શન કરે. દંડવત્-પ્રદક્ષિણા કરે. સેવા પણ કરે.

આથી બધા સંતો અને ભક્તો પણ અક્ષર પર રાજી રહે.



આમ, માતા-પિતા, વડીલો, શિક્ષકો, સંતો, ભક્તો બધા જ અક્ષર પર રાજી રહે. આથી અક્ષર પણ ખૂબ જ ખુશ રહે.

શિશુમિત્રો, તમારે પણ અક્ષર જેવા આદર્શ શિશુ બનવું છે ? પણ આદર્શ શિશુ બનવું કઈ રીતે ? ચાલો, અક્ષરને જ પૂછીએ...



'શું કહ્યું ? તમારે મારા જેવા આદર્શ શિશુ બનવું છે ?

તો તમારે આદર્શ બનવાની શાળામાં જવું પડશે.

**આદર્શ બનવાની શાળા એટલે શિશુસભા!'**

શિશુમિત્રો, આ શિશુસભા શું છે તે તમે જાણો છો ?

શિશુસભા એટલે તમારા જેવા આદર્શ શિશુઓની સભા.

શિશુસભામાં તો તમારા જેવા જ નાના-નાના શિશુમિત્રો આવે. મિત્રો સાથે તો કોને ન ગમે ? બધા શિશુસભામાં ખૂબ મજા કરે.

શિશુમિત્રો, આ શિશુસભામાં આપણા best friend પણ આવે.

આપણા best friend એટલે ગુરુહરિ મહંતસ્વામી મહારાજ!

**શિશુસભામાં મહંતસ્વામી મહારાજ તેમની સાથે ઘનશ્યામ મહારાજ અને બધા જ ગુરુઓને લઈને આવે અને તમારી બધી જ વાતો સાંભળે.**

શિશુસભામાં બીજું શું કરવાનું હોય તે તમને ખબર છે ?
નીચેનાં ચિત્રો જુઓ...

**જયનાદ**



બોલો સ્વામિનારાયણ ભગવાનની... જય !

**ધૂન**



સ્વામી અને નારાયણ...

**પ્રાર્થના**



હે અક્ષરપુરુષોત્તમ પ્યારા...

**પ્રસંગકથન**



એકવાર સ્વામીબાપા...

**વાર્તા**



એક હતો રાજા...

**રમત**



ગરમ બટાકું...

**પ્રસાદ**



મીઠી મીઠી પ્રસાદી...

શિશુમિત્રો, શિશુસભામાં એક સંચાલક પણ હોય છે.

તેઓ સરસ મજાની વાર્તા કહે...

બધાને ખૂબ જ મજા આવે એવી રમતો રમાડે...

અને હા, તેઓ બધા જ શિશુઓને સારી સારી વાતો પણ શીખવે.



શિશુમિત્રો, શિશુસભામાં શીખવાતી કેટલીક સારી વાતો અહીં પણ લખી છે. તમે તેમાં રંગ પૂરો અને એ પ્રમાણે વર્તન કરી આદર્શ શિશુ પણ બની જાઓ!

# માતા-પિતાને દેવ સમાન જાણો.

# ભણવું એ ભક્તિ છે.

# સૌની સાથે સંપીને રહો.

# મારે સ્વામીબાપાને રાજી કરવા જ છે.

હા શિશુમિત્રો, એક ખાસ વાત કહું ? જે શિશુઓ શિશુસભામાં જાય છે, તેમના પર ગુરુહરિ મહંતસ્વામી મહારાજ ખૂબ જ રાજી થાય છે!
તો ચાલો, આજથી જ નક્કી કરીએ...

## શિશુ ગુંજન

અમે શિશુમંડળમાં જવાના, અમે શિશુમંડળમાં દોડી દોડી જવાના...
જ... જ... જય ઝીલીશું, ધ... ધ... ધૂન બોલીશું,
પ્રાર્થના ગાઈશું રે, અમે શિશુમંડળમાં સારું સારું શીખવાના...
શ... શ... શ્લોક રટીશું, પ... પ... પ્રસંગ કહીશું,
કીર્તન ગાઈશું રે... અમે શિશુમંડળમાં આદર્શ શિશુ બનવાના...
વ... વ... વાર્તા સુણીશું, ર... ર... રમત રમીશું,
પ્રસાદ ખાઈશું રે... અમે શિશુમંડળમાં સ્વામીને રાજી કરવાના...

# ગુરુહરિ મહંતસ્વામી મહારાજ સાથે આનંદમય ક્ષણો




















# બી.એ.પી.એસ. બાળ પ્રકાશનો

**: પ્રાપ્ત કરવા માટે :**

સંસ્થાનાં મંદિરોના બુકસ્ટોલનો
સંપર્ક કરો અથવા
નીચેનો QR કોડ સ્કેન કરો.







## બાળકો માટે વેબસાઈટ

http://kids.baps.org/




## શ્રી સ્વામિનારાયણ ચરિત્ર એનિમેશન શ્રેણી

www.baps.org/ssc







દર મહિને પ્રકાશિત થતું બાળ સામયિક

**સ્વામિનારાયણ બાળપ્રકાશ**

**: લવાજમ માટે :**

સંસ્થાનાં મંદિરોના બુકસ્ટોલનો
સંપર્ક કરો અથવા
બાજુનો QR કોડ સ્કેન કરો.

પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજના

# આશીર્વાદ



વ્હાલા શિશુઓ...

શિશુ સત્સંગ વિહાર વાંચીને આદર્શ બનો.

આજ્ઞા અને ઉપાસના જીવનમાં દૃઢ કરો.

Shishu Satsang Vihar (Guj)

16113

BAPS

ISBN: 978-81-7526-882-1

BG213